**સુવિચાર**

''માણસ અને મૌસમમાં ગમે ત્યારે બદલાવ આવી શકે છે, માટે સાવધાની રાખવી આવશ્યક છે.''

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)

માણેકપરા, અમરેલી.

ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦

તા. ૩૧/૦૫/૨૦૨૬, રવિવાર

ફોન : ૨૨૮૪૨૨

www.amreliexpress.com

સત્યમ્ શિવમ્ સુંદરમ્

AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803

Postal Reg.No. AMR/217/2024-26

E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ

શિવ ફરસાણ (ધારીવાળા)

નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યું. : વિક્રમ સંવંત ૨૦૮૨ અ. જેઠ સુદ-૧૫ વર્ષ : ૧૭ અંક : ૧૪૩

## પાલિકા પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન સહિતનાં શાસકોનો ઉત્સાહ

# અમરેલીને ''સ્માર્ટ સિટી'' બનાવવાનો સંકલ્પ કરાયા

**અમરેલીનાં સ્વપ્નદ્રષ્ટા અને ભાજપ અગ્રણી પી.પી. સોજીત્રા સાથે શાસકોની બેઠક યોજાઈ**

**પાલિકામાં શ્રેષ્ઠ અને પારદર્શી વહીવટ કરાશે અને ભ્રષ્ટાચાર થતો હશે તો તેને દૂર કરાશે**

**શહેરીજનોની સુવિધા વધારવા માટે અનેક ક્ષેત્રે એકી સાથે કામગીરી કરાશે**

**ઉર્જા રાજયમંત્રી કૌશિક વેકરિયા, સાંસદ સુતરીયાનાં માર્ગદર્શનતળે થશે વિકાસ કાર્યો**









અમરેલી, તા. ૩૦

અમરેલી પાલિકામાં સત્તાનું સુકાન સંભાળ્યા બાદ પાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયા, ઉપપ્રમુખ વિરલભાઈ પોપટ અને કારોબારી ચેરમેન મૌલિક ઉપાધ્યાયે અમરેલીનાં સ્વપ્ન દ્રષ્ટા અને ભાજપનાં અગ્રણી પી.પી. સોજીત્રા સાથે બેઠક યોજી હતી.

આ બેઠકનાં અંતે પાલિકા પ્રમુખે જણાવ્યું હતું કે, સાંસદ ભરતભાઈ સુતરીયા અને ઉર્જા રાજયમંત્રી કૌશિક વેકરિયાનાં માર્ગદર્શનતળે શહેરને સુંદર અને રળીયામણું બનાવી દેવાશે.

શહેરનાં સ્વપ્ન દ્રષ્ટા પી.પી. સોજીત્રાએ જણાવ્યું હતું કે, શહેરને આગામી પાંચ વર્ષમાં સ્માર્ટ સિટી બનવા તરફ લઈ જવાશે અને પાલિકાનો સમગ્ર વહીવટ પ્રમાણીકતા અને પારદર્શી રીતે કરવામાં આવશે. બાંધકામ મંજૂરી, ફાયર એનઓસી સહિતની કોઈપણ કામગીરીમાં જો પાલિકાનાં કોઈ કર્મચારી કે અધિકારી નાણા માંગશે તો તેની સામે કડકમાં કડક નિયમાનુસાર કાર્યવાહી કરવાની ખાત્રી પણ આપી હતી.

પાલિકાનાં શાસકોની શરૂઆત જોતા શહેરમાં આગામી વર્ષોમાં સ્ટ્રીટલાઈટ, ભૂગર્ભ ગટર, ટ્રાફિક, રખડતા પશુઓ, પાણી વિતરણ સહિતને લઈને કરવાની થતી તમામ કામગીરી થશે તેવું સ્પષ્ટ જોવા મળી રહ્યું છે.

## સ્થાનિક અધિકારીઓની અણઆવડતથી રોષ

# બગસરા-દાહોદ રૂટના કંડકટર ન આવતાં બસ દોઢ કલાક મોડી ઉપડી

**જનપ્રતિનિધિઓની નિષ્ક્રીયતાને લીધે મુસાફરો પરેશાન**

બગસરા, તા. ૩૦

બગસરા એસ.ટી. ડેપોમાં ઘણા સમયથી ડેપો મેનેજરની અણ આવડતને લીધે પેસેન્જરમાં નારાજગી જોવા મળી રહી છે.

બગસરા એસ.ટી. ડેપોમાં

અનુસંધાન પાના ૬ ઉપર





તસ્વીર : સમીર વિરાણી-બગસરા

**અપોલો હોસ્પિટલ્સ-અમદાવાદના સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા ઓપીડી**

**અમરેલી માં...**

Apollo HOSPITALS

| | |
|---|---|
| દર મહિનાના પહેલા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | **ડો. જતીન વખારિયા** કન્સલટન્ટ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન MBBS, DNB (Orthopedics), D'Ortho, FIAS |
| દર મહિનાના બીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | **ડો. પાર્થ જોષી** MBBS, Dr NB ન્યુરોસર્જરી, એન્ડોવાસ્ક્યુલર અને વાસ્ક્યુલર ન્યુરોસર્જરીમાં ફેલોશિપ (મણિપાલ, બેંગ્લોર) મિનિમલી ઈન્વેસિવ અને એન્ડોસ્કોપિક સ્પાઇન સર્જન |
| દર મહિનાના ત્રીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | **ડો. શ્રેયા બુટાલા** MD, DM Gastro (SGPGIMS), Consultant Gastroenterologist and Hepatologist |
| દર મહિનાના ત્રીજા શુક્રવારે | **ડો. પ્રિતિશ શાહ** એમબીબીએસ,એમડી (મેડિસિન), ડીઆરએનબી (નેફ્રોલોજી) કન્સલટન્ટ નેફ્રોલોજિસ્ટ લક્ષણો: પગ માં સોજા ચડવા, બીપી, ડાયાબિટીસ, ભૂખ ઓછી લાગવી, પેશાબમાંથી પ્રોટીન જવું, ઉલટી, ઉબકા, હેડકી, પેશાબ ઓછો કે બંધ થઈ જવો, શ્વાસ ચડવો, તાણ આંચકી |

**આસ્થા હોસ્પિટલ**

લિલિયા રોડ, બી.એમ. ચોક, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧

*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.

રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : +91 8238984000 & 7698815315

અપોલો હોસ્પિટલ, અમદાવાદ

પ્લોટ નં. ૧-એ, ભાટ, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, એરપોર્ટ રોડ, અમદાવાદ - ગાંધીનગર. 8401801066

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ

1,43,900/- (૧૦ ગ્રામ)

રહેલ તા.૩૦/૦૫/૨૦૨૬ ના રોજ

હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો

63549 73131

બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.

એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,

કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Krishna DINING HALL

ક્રિષ્ના ડાઈનીંગ હોલ

પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)

ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬

હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.

રમેશભાઈ આર. શિંગાળા

૯૮૨૫૫ ૪૬૯૦૨

૬૭ વર્ષથી વિશ્વાસ, સંસ્કાર અને ગુણવત્તાયુક્ત શિક્ષણની પરંપરા...

EDUCATIONAL EXCELLENCE 67 Years of Educational Excellence SINCE 1959

**શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ**

વિદ્યાસભા, લાઠી રોડ, અમરેલી

ધોરણ ૧૧ આર્ટસ, કોમર્સ અને સાયન્સ (ગુજરાતી માધ્યમ તથા અંગ્રેજી માધ્યમ)

ભાઈઓ અને બહેનો માટે અલગ-અલગ નિવાસી હોસ્ટેલ સુવિધા ઉપલબ્ધ

ધોરણ ૧૦માં A-1 ગ્રેડ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીને ધોરણ ૧૧માં 100% ફી માફી

ધોરણ ૧૨માં A-1 ગ્રેડ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીને 100% ફી પરત

બહેનોને સંસ્થા તરફથી ૧૫,૬૦૦ હોસ્ટેલ ફી સહાય

આપના બાળકનાં ઉજ્જવળ ભવિષ્ય માટે સંસ્થા મેનેજમેન્ટ દ્વારા કેમ્પસની મુલાકાત લેવા હાર્દિક આમંત્રણ

**આર્થિક સહાય યોજનાઓ**

- નમો સરસ્વતી યોજના અંતર્ગત સહાય
- નમો લક્ષ્મી યોજના અંતર્ગત સહાય
- જ્ઞાન સાધના યોજના અંતર્ગત સહાય
- સેવાકીય ટ્રસ્ટ દ્વારા સહાય
- ભોજન બિલ સહાય • ટ્યુશન ફી સહાય
- માતા-પિતા હયાત ન હોય તેવા વિદ્યાર્થીઓને વિશેષ ફી સહાય
- અન્ય વિવિધ શૈક્ષણિક સહાય યોજનાઓ

**:: વિશેષતાઓ ::**

• સાયન્સ પ્રવાહમાં બોર્ડ પરીક્ષાની તૈયારી સાથે ધોરણ ૧૧ થી જ GUJCET, JEE અને NEET માટે વિશેષ માર્ગદર્શન • દૈનિક ટેસ્ટ, સાપ્તાહિક ટેસ્ટ, રીપીટિંગ ટેસ્ટ, માસિક, છ માસિક, નવ માસિક તથા વાર્ષિક પરીક્ષાઓ દ્વારા સતત મુલ્યાંકન • અનુભવી, નિષ્ણાંત અને પરિણામલક્ષી શિક્ષકોની ટીમ • આર્ટસ અને કોમર્સનાં વિદ્યાર્થીઓ માટે CA, CS, IT, મેનેજમેન્ટ, સ્ટાર્ટઅપ, બિઝનેસ તથા વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે કારકિર્દી માર્ગદર્શન • સમયાંતરે કારકિર્દી માર્ગદર્શન સેમિનાર, પ્રેક્ટિકલ વર્કશોપ અને મોટિવેશનલ કાર્યક્રમો • સ્માર્ટ ક્લાસરૂમ, પ્રોજેક્ટર આધારિત શિક્ષણ અને ડિજિટલ લર્નિંગ સુવિધા • અત્યાધુનિક વિજ્ઞાન પ્રયોગશાળાઓ અને કોમ્પ્યુટર લેબ • સમૃદ્ધ લાઈબ્રેરી અને વાંચન માટે ઉત્તમ વાતાવરણ • અંગ્રેજી સંવાદ કૌશલ્ય અને વ્યક્તિત્વ વિકાસ માટે વિશેષ તાલીમ • શાળા અને હોસ્ટેલ પરિસરમાં 24x7 CCTV કેમેરા દ્વારા સતત મોનિટરિંગ • સુરક્ષિત, શિસ્તબદ્ધ અને સંસ્કારસભર વાતાવરણ • શહેરની મધ્યમાં આવેલું છતાં ઘોઘાટથી દુર શાંત, હરિયાળું અને નયનરમ્ય કેમ્પસ • હોસ્ટેલમાં શુદ્ધ પીવાનું પાણી, પૌષ્ટિક ભોજન, સ્વચ્છતા અને ઘર જેવી તમામ સુવિધાઓ • વિશાળ રમત-ગમત મેદાન, ઈન્ડોર-આઉટડોર ગેમ્સ અને યોગ પ્રવૃતિઓ • વિદ્યાર્થીઓના શારીરિક, માનસિક, બૌદ્ધિક અને સાંસ્કૃતિક વિકાસ માટે વર્ષભર વિવિધ પ્રવૃતિઓ • નિયમિત વાલી મીટિંગ અને વિદ્યાર્થીની પ્રગતિ અંગે સતત માહિતી

''માત્ર પ્રવેશ નહી, પરંતુ આપના બાળકના સફળ, સંસ્કારી અને સ્વાવલંબી ભવિષ્યનું નિર્માણ''

આજે જ કેમ્પસની મુલાકાત લો અને શ્રેષ્ઠ શિક્ષણ, સુરક્ષિત હોસ્ટેલ તથા આધુનિક સુવિધાઓનો અનુભવ કરો

સ્થળ

શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભા, લાઠી રોડ, અમરેલી

સંપર્ક નંબર 9099098220

### સ્થાનિક તંત્ર આળશ ખંખેરે તે જરૂરી

# જાફરાબાદમાં દિનપ્રતિદિન ટ્રાફિક સમસ્યા વિકરાળ બનતાં નારાજગી

## અવારનવાર રજુઆત છતાં પરિણામ શુન્ય



અમરેલી, તા. ૩૦

જાફરાબાદ શહેરમાં અવારનવાર ટ્રાફિકની સમસ્યા વિકરાળ બની હોય જયાં જુઓ ત્યાં અડચણ ઉભી કરતા વાહનચાલકો વારતહેવારે પણ અધવચ્ચે ગમે ત્યા વાહનચાલકો પોતાના વાહનો જયાં જુઓ ત્યાં પાર્કિંગ કરતા હોય છે. એવામાં ઓછામાં પુરૂં રિક્ષા ઉભી રાખી અધવચ્ચે માલસામાન ખાલી કરતાં જોવા મળી રહ્યા છે. અને રાહદારીઓ તથા ટુ વ્હીલર ચાલકો આ અધવચ્ચે રિક્ષા ઉભી રાખી ટ્રાફિક જામ કરી રહ્યા હોય પરંતુ જવાબદાર સત્તાવાળાઓ આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. બજારમાંથી પસાર થતા રાહદારીઓ માટે ટ્રાફિક સમસ્યા અડચણ અને વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહીં છે. પરંતુ જવાબદાર અધિકારી દ્વારા આ ટ્રાફિક સમસ્યા મુશ્કેલી ઉભી કરતા વાહનચાલકો સામે ડંડો કયારે ઉપડશે તેવા અનેક સવાલો જનતા જનાર્દન ઉભા થયા છે. આ ટ્રાફિક સમસ્યાના કારણે સિનિયર સિટીઝન તથા દિવ્યાંગ લોકો તેમજ બીમાર દર્દીઓ તથા બાળકો મહિલાઓ આ ટ્રાફિક સમસ્યાથી ત્રાહીમામ પોકારી ઊઠયા છે. પરંતુ આ ટ્રાફિક તથા દિવ્યાંગ લોકો તેમજ બીમાર દર્દીઓ તથા બાળકો મહિલાઓ આ ટ્રાફિક સમસ્યાથી ત્રાહીમામ પોકારી ઊઠયા છે. પરંતુ આ ટ્રાફિક સમસ્યાનો નિકાલ કરવામાં આવતો નથી શું આ બાબતે જવાબદાર તંત્ર ધ્યાન ઉપર લેશે કે પછી હોતા હૈ ચલતા હૈ તેવું અપનાવવામાં આવશે..? આ ટ્રાફિક સમસ્યાના કારણે કોઈ ગંભીર અકસ્માત સર્જાઈ તો જવાબદારી કોની..?? અહીં ટાવર ચોકમાં મેન રોડ ઉપર વહેલી સવારથી અધવચ્ચે રિક્ષા ઉભી રાખી અમૂલ દૂધ ઉતારતા રિક્ષા ચાલકના કારણે રાહદારીઓ મોટરસાયકલ ચાલકોને અટકાવી ટ્રાફિક જામ કરી રહ્યા હોય કોઈ મોટો અકસ્માત થાય તે પહેલાં તાત્કાલિક ધોરણે કાયદેસર પગલાં ભરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ લોકો માંથી ઉઠી છે.

### અમરેલીનાં વતની અને કેળવણીકાર વસંતભાઈ ગજેરા દ્વારા

# નિરાધાર બાળકનો આધાર : અમરેલીમાં નિર્માણાધિન ''વાત્સલ્યધામ'' માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી

## સર્વસમાજનાં નિરાધાર બાળકોનું સર્વાંગી ઘડતર કરવામાં આવશે





અમરેલી, તા. ૩૦

અમરેલીનાં વતની અને કેળવણીકાર વસંતભાઈ ગજેરા દ્વારા સુરત ખાતે કાર્યરત ''વાત્સલ્યધામ'' કે જયાં નિરાધાર બાળકોનો સર્વાંગી વિકાસ થઈ રહ્યો છે અને હવે તેઓ અમરેલી ખાતે પણ ''વાત્સલ્યધામ'' શરૂ કરવા જઈ રહ્યા છે.

તેઓનું સ્વપ્ન છે કે દેશનાં વિવિધ રાજયોમાં ''વાત્સલ્યધામ'' ઉભા થાય. જેથી કોઈપણ નિરાધાર બાળક પ્રેમ, શિક્ષણ અને સંસ્કારથી વંચિત ન રહે. આ સ્વપ્નને સાકાર કરવા માટે ઓડિસા અને અમરેલી ખાતે '' નવા વાત્સલ્યધામ''નું નિર્માણકાર્ય પૂર્ણતાનાં આરે છે.

અમરેલી ખાતે ગજેરા કેમ્પસ વિદ્યાસભા – લાઠી રોડ ખાતે ' 'વાત્સલ્યધામ''નો પ્રારંભ થઈ રહ્યો હોય સામાજિક, રાજકીય અને સેવાકીય સંસ્થાઓ સહિત તમામ સંવેદનશીલ વ્યકિતઓએ પોતાના વિસ્તારમાં નિરાધાર, અસહાય, બાળક અંગે જાણકારી હોય તો સંપર્ક નં. ૯૨૩૮૬ ૩૮૦૦૦ અને ૮૨૩૮૬ ૩૯૦૦૦ પર સંપર્ક કરે.

### શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે કવાયત શરૂ

# બાબરા નગરપાલિકાનાં નવનિયુકત પ્રમુખ રંજનબેન પરવાડીયાએ સફાઈ કામગીરીની આકસ્મિક મુલાકાત લીધી

## શહેરનાં દરેક વિસ્તારમાં નિયમિત સફાઈ કરવા તાકીદ





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૩૦

બાબરા શહેરમાં નગરપાલિકાના નવા નેતૃત્વ હેઠળ સ્વચ્છતા અને પ્રાથમિક સુવિધાઓને કેન્દ્ર સ્થાને રાખી કામગીરીને વેગ આપવામાં આવી રહ્યો છે. તે અંતર્ગત નગરપાલિકા પ્રમુખ રંજનબેન પરવાડીયાએ આજે શહેરના વિવિધ વોર્ડ વિસ્તારોમાં અચાનક સફાઈ નિરીક્ષણ કરી તંત્રને સતર્ક કરી દીધું હતું.

પ્રમુખના અચાનક નિરીક્ષણની જાણ થતાં જ સેનેટરી ઈન્સપેકટર, મુકાદમ સહિતના સફાઈ કર્મચારીઓ હરકતમાં આવી ગયા હતા. વોર્ડ નં. ૨ ના કૃષ્ણનગર સહિતના વિસ્તારોમાં પ્રમુખ રંજનબેન પરવાડીયા સાથે પાલિકા સભ્ય વસંતબેન મકવાણા, સ્થાનિક અગ્રણી રમેશભાઈ પરવાડીયા તથા ખોડલભાઈ મકવાણા પણ જોડાયા હતા.

નિરીક્ષણ દરમિયાન વોર્ડ વિસ્તારમાં થતી સફાઈની કામગીરીનું ઝીણવટપૂર્વક મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. પ્રમુખે સફાઈ કર્મચારીઓને નિયમિત અને ગુણવત્તાસભર સફાઈ કરવા કડક સૂચનાઓ આપી હતી. સાથે જ સેનેટરી ઈન્સપેકટર અને મુકાદમને સફાઈ કર્મચારીઓની કામગીરીનું સતત મોનિટરિંગ કરી નિયમિત રિપોર્ટ રજૂ કરવાની તાકીદ કરી હતી.

પ્રમુખ રંજનબેન પરવાડીયાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, શહેરના એકપણ વોર્ડ વિસ્તારમાં ગંદકી કે અપૂરતી સફાઈ સહન કરવામાં આવશે નહીં. તેમની આ કડક સૂચનાઓને પગલે સફાઈ તંત્રમાં પણ જવાબદારીનો માહોલ સર્જાયો હોવાનું જોવા મળ્યું હતું.

સફાઈ નિરીક્ષણ દરમિયાન પ્રમુખ અને સભ્યોએ સ્થાનિક રહેવાસીઓ સાથે સીધો સંવાદ સાધી સફાઈ, પાણી પુરવઠા સહિતની પ્રાથમિક સુવિધાઓ અંગે માહિતી મેળવી હતી. તેમજ લોકોને કોઈપણ સમસ્યા હોય તો તાત્કાલિક નગરપાલિકાને જાણ કરવાની અપીલ પણ કરવામાં આવી હતી.

અત્રે નોંધનીય છે કે પાલિકા પ્રમુખ તરીકે કાર્યભાર સંભાળ્યાના ટૂંકા ગાળામાં જ રંજનબેન પરવાડીયા એકશન મોડમાં જોવા મળી રહ્યા છે. શહેરના વિકાસ અને નાગરિક સુવિધાઓને પ્રાથમિકતા આપવાના તેમના અભિગમને લઈને સ્થાનિકોમાં પણ સકારાત્મક ચર્ચાઓ શરૂ થઈ છે.

પ્રમુખે જણાવ્યું હતું કે બાબરા શહેરમાં પીવાના પાણીની સુવિધા અને સ્વચ્છતા તેમની પ્રથમ પ્રાથમિકતા રહેશે. તેમણે શહેરના નાગરિકોને અનુરોધ કર્યો હતો કે જો તેમના વિસ્તારમાં સફાઈ કર્મચારીઓ નિયમિત કામગીરી ન કરતા હોય અથવા પાણી પુરવઠા સંબંધિત કોઈ સમસ્યા હોય તો તેઓ નિઃસંકોચ પાલિકા પ્રમુખનો સીધો સંપર્ક કરે.


સાથે જ શહેરવાસીઓને જાહેર સ્થળોએ કચરો ન ફેંકવા, પાણીનો બિનજરૂરી બગાડ ન કરવા અને સ્વચ્છ બાબરા અભિયાનમાં સક્રિય સહભાગી બની શહેરને વધુ સ્વચ્છ અને સુંદર બનાવવામાં સહકાર આપવા અપીલ કરી હતી.

### ભાજપનાં આગેવાનોની ઉપસ્થિતિમાં

# બાબરા તાલુકા પંચાયતનાં પ્રમુખ તરીકે તુષારભાઈ રામાણીએ સંભાળ્યો ચાર્જ

## તાલુકાનાં સર્વાંગી વિકાસને પ્રાથમિકતા આપવાનો સંકલ્પ વ્યકત કર્યો





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૩૦

બાબરા તાલુકા પંચાયતના ઈતિહાસમાં પ્રથમ વખત સૌથી નાની વયના, યુવા, શિક્ષિત અને ઊર્જાસભર નેતૃત્વ તરીકે બિનહરીફ વરણી પામેલા કોટડાપીઠા બેઠકના તુષારભાઈ રામાણીએ આજે વિધિવત રીતે તાલુકા પંચાયત પ્રમુખ તરીકેનો ચાર્જ સંભાળી જવાબદારીનો કાર્યભાર ગ્રહણ કર્યો હતો. ચાર્જ સંભાળતા જ તેમણે તાલુકાના સર્વાંગી વિકાસ, ગ્રામ્ય વિસ્તારોમાં આધુનિક સુવિધાઓના વિસ્તરણ અને પ્રજાલક્ષી કાર્યોને પોતાની પ્રથમ અગ્રતા રહેશે તેવી સ્પષ્ટ પ્રતિબદ્ધતા વ્યકત કરી હતી.

ચાર્જ સંભાળવાના પ્રસંગે તાલુકા પંચાયત કચેરી ખાતે ઉત્સાહભર્યો માહોલ જોવા મળ્યો હતો. કાર્યકરો, શુભેચ્છકો તેમજ આગેવાનો દ્વારા નવા પ્રમુખનું ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતું. તુષારભાઈ રામાણીએ જણાવ્યું હતું કે, બાબરા તાલુકાના ગામડાઓમાં માર્ગ, પાણી, શિક્ષણ, આરોગ્ય અને અન્ય પાયાની સુવિધાઓના વિકાસ માટે ટીમ ભાવનાથી કામગીરી કરવામાં આવશે તેમજ સરકારની જનકલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે તે માટે વિશેષ પ્રયાસો હાથ ધરવામાં આવશે.

આ પ્રસંગે જિલ્લા પંચાયત સભ્ય પ્રભાતભાઈ કોઠીવાળ, અમરશીભાઈ વાઘેલા, હિતેશભાઈ કલકાણી, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ પ્રવીણભાઈ કરકર, અંકુરભાઈ જસાણી, જગદીશભાઈ નાકરાણી તેમજ તાલુકા પંચાયતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. મહેશભાઈ ભાયાણી સહિતનાં સ્થાનિક ભાજપના આગેવાનો, કાર્યકરો તેમજ મોટી સંખ્યામાં શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત આગેવાનોએ યુવા નેતૃત્વને શુભેચ્છાઓ પાઠવી બાબરા તાલુકાના વિકાસમાં નવી ગતિ અને નવી દિશા મળશે તેવી આશા વ્યકત કરી હતી.

રાજકીય વર્તુળોમાં પણ તુષારભાઈ રામાણીના નેતૃત્વને લઈ સકારાત્મક ચર્ચાઓ જોવા મળી રહી છે. યુવા વિચારો, શિક્ષિત અભિગમ અને વિકાસલક્ષી દ્રષ્ટિકોણના કારણે બાબરા તાલુકા પંચાયતને નવી ઓળખ મળશે તેવી અપેક્ષા વ્યકત કરવામાં આવી રહી છે.


શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત

(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)

શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ

ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯

પ્રવેશની ઉત્તમ તક...

વર્ષ-૨૦૨૬માં ધો.૧૨માં ઉર્તિણ થનાર વિદ્યાર્થી ભાઈ/બહેનોને ખુબ...ખુબ... અભિનંદન...

શું આપ પ્રવેશની મુંજવણમાં છો ? વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા કરતી એકમાત્ર સંસ્થામાં ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે

પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીએ https://gcas.gujgov.edu.in પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.

F.Y.B.Com. SEMESTER-1 | S.Y.B.Com. SEMESTER-3 | T.Y.B.Com. SEMESTER-5 | M.Com. SEMESTER-1,3

- ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

સુવિધાઓ

- તદન આધુનિક સુવિધા સજ્જ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- નવી શિક્ષણ નીતિ મુજબના Accounting & Finance, Business Management, જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ આપવામાં આવે છે.

શ્રી ડો. એસ.પી. સિતાપરા પ્રિન્સિપાલ મો. ૯૮૨૫૯ ૩૮૦૪૮

વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૩૦ થી ૧૨:૦૦ સુધી

www.mdscollege.org

શ્રીમતિ વનીતા બી. સીતાપરા મેનેજીંગ ટ્રસ્ટી


### ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના પ્રયાસોથી

# લાઠીના કાંચરડી ગામે માટે નવી માધ્યમિક શાળા મંજૂર

## ગ્રામજનો અને વિદ્યાર્થીઓમાં ખુશીની લાગણી

અમરેલી, તા. ૩૦

લાઠી તાલુકાના કાંચરડી ગામ માટે શિક્ષણ ક્ષેત્રે એક મહત્વપૂર્ણ અને ઐતિહાસિક સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના સતત પ્રયત્નો, રાજય સરકાર સમક્ષ કરાયેલી રજૂઆતો અને શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતાના પરિણામે કાંચરડી ગામ ખાતે નવી માધ્યમિક શાળા મંજૂર કરવામાં આવી છે.

ગામ તેમજ આસપાસના વિસ્તારના વિદ્યાર્થીઓને અત્યાર સુધી માધ્યમિક શિક્ષણ માટે અન્ય ગામો કે શહેરોમાં જવું પડતું હતું, જેના કારણે અનેક વિદ્યાર્થીઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. હવે નવી માધ્યમિક શાળાની મંજૂરી મળતા વિદ્યાર્થીઓને પોતાના વિસ્તારમાં જ ગુણવત્તાયુકત શિક્ષણની સુવિધા ઉપલબ્ધ બનશે.

ધારાસભ્યએ જણાવ્યું હતું કે શિક્ષણ એ સમાજના સર્વાંગી વિકાસનો પાયો છે અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને વધુ સારી શૈક્ષણિક તકો મળે તે માટે તેઓ સતત પ્રયત્નશીલ રહ્યા છે. કાંચરડી ગામ માટે નવી માધ્યમિક શાળાની મંજૂરી એ શિક્ષણના વિકાસ તરફનું એક મહત્વપૂર્ણ પગલું છે, જેનાથી આવનારા સમયમાં અનેક વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ થશે.

આ નિર્ણયને લઈને કાંચરડી ગામના ગ્રામજનો, વાલીઓ, યુવાનો અને વિદ્યાર્થીઓમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. ગ્રામજનોએ રાજય સરકાર તથા ધારાસભ્યનો આભાર વ્યકત કરી અભિનંદન પાઠવ્યા હતા.

# અમરેલી જિલ્લા પંચાયતનાં પ્રમુખે ચાર્જ સંભાળતા બાબરા ભાજપનાં અગ્રણીઓએ શુભેચ્છાઓ પાઠવી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૩૦

અમરેલી જિલ્લા પંચાયતના નવ નિયુકત પ્રમુખ શ્રીમતી દક્ષાબેન ચોડવડિયાએ આજે સત્તાવાર રીતે ચાર્જ સંભાળતા જિલ્લા અને તાલુકા સ્તરના આગેવાનો દ્વારા તેમને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. જિલ્લા પંચાયત કચેરી ખાતે યોજાયેલા શુભેચ્છા કાર્યક્રમમાં વિવિધ વિસ્તારોના ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને સામાજિક આગેવાનો ઉપસ્થિત રહી નવા કાર્યકાળ માટે શુભકામનાઓ વ્યકત કરી હતી.

આ પ્રસંગે મોટા દેવળીયા જિલ્લા પંચાયતના સદસ્ય પ્રભાતભાઈ કોઠીવાળ, બાબરા તાલુકા પંચાયતના સદસ્ય કિરીટભાઈ બગડા તેમજ વાવડાના પૂર્વ સરપંચ જયસુખભાઈ રામાણી સહિતના આગેવાનો દ્વારા પ્રમુખ દક્ષાબેન ચોડવડિયાને પુષ્પગુચ્છ અર્પણ કરી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

શુભેચ્છકો દ્વારા આશા વ્યકત કરવામાં આવી હતી કે દક્ષાબેન ચોડવડિયાના નેતૃત્વ હેઠળ અમરેલી જિલ્લા પંચાયત વિકાસલક્ષી યોજનાઓને વધુ વેગ આપશે તેમજ ગ્રામ્ય વિસ્તારોના પ્રશ્નોના ઝડપી અને અસરકારક નિરાકરણ માટે કામગીરી કરશે. જિલ્લાના અંતરિયાળ ગામડાઓ સુધી સરકારની જનકલ્યાણકારી યોજનાઓનો લાભ પહોંચે અને વિકાસના નવા આયામો સર્જાય તે માટે સૌએ વિશ્વાસ વ્યકત કર્યો હતો.

કાર્યક્રમ દરમિયાન વિકાસ, જનસેવા અને સુશાસનને કેન્દ્રમાં રાખી આગામી સમયમાં જિલ્લા પંચાયત દ્વારા લોકહિતના નિર્ણયો લેવામાં આવશે તેવી લાગણી પણ વ્યકત કરવામાં આવી હતી. નવા પ્રમુખના કાર્યકાળમાં સમગ્ર અમરેલી જિલ્લાને વિકાસની નવી દિશા અને નવી ગતિ મળે તેવી શુભેચ્છાઓ આગેવાનો દ્વારા પાઠવવામાં આવી હતી.

# ગુન્હાની ગંભીરતાને લઈને રાજયનાં ગૃહવિભાગ દ્વારા નિમણૂંક

# બોટાદ જિલ્લાનાં ચર્ચાસ્પદ "પોક્સો" કેસમાં સ્પે. પી.પી. તરીકે એડવોકેટ ઉદયન ત્રિવેદીને જવાબદારી

**ગત ડીસેમ્બર માસમાં સગીર બાળા સાથે ૭૬ વર્ષનાં વૃધ્ધ સહિત ૩ વ્યકિતઓએ દુષ્કર્મ કરેલ**

**સગીર બાળાએ બાળકને જન્મ આપતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી હતી**

**ભોગ બનનારની માતાએ પાળીયાદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતાં તપાસ થઈ**

**આરોપી અરજણભાઈ વડછડ, નિલેશભાઈ રાઠોડ તથા અશોકભાઈ રાઠોડ વિરૂધ્ધ ગુન્હો નોંધાયેલ**

અમરેલી, તા. ૩૦

બોટાદ જિલ્લામાં ચકચાર બનેલ અને પાળીયાદ પોલીસ સ્ટેશનમાં ગત ડીસેમ્બરમાં નોંધાયેલ "પોકસો" એકટની ફરિયાદ બાદ ગુન્હાની ગંભીરતાને લઈને રાજયનાં ગૃહ વિભાગે આ ગુન્હાનાં તમામ આરોપીઓને કડક સજા કરવાનાં હેતુથી સ્પેશ્યલ સરકારી વકીલ તરીકે અમરેલીનાં જાણીતા એડવોકેટ ઉદયન



ત્રિવેદીની નિમણૂંક કરેલ છે.

આ કામની ફરિયાદ ભોગ બનનારના માતા તરફથી ૨૦૨૫નાં ડીસેમ્બર મહિનામાં પાળીયાદ પોલીસ સ્ટેશનમાં આપવામાં આવેલ હતી. જે ફરિયાદની વિગતે તેમની ભોગ બનનાર દિકરી સગીર વયની હોય અને બનાવ સમયે તેમની ઉંમર ૧૫ વર્ષની હોય તેમની સાથે આરોપી કે જેમને ભોગ બનનાર દાદા તરીકે ઓળખતી હોય અને આ આરોપી નં. ૧ અરજણભાઈ ખોડાભાઈ વડીડ (પટેલ) કે જેની જમીન ભોગ બનનારનાં પિતા તથા માતા મજૂરી કામે જતા હોય અને તે રીતે આરોપી અરજણભાઈ ભોગ બનનાર તથા તેના પરિવાર સાથે સબંધ ધરાવતા હોય જેનો ગેરલાભ લેવા માટે આરોપીએ પોતાની ઘરે ભોગ બનનાર કચરા પોતા કરવા માટે બોલાવેલ અને તે સમયે તેની એકલતાનો ગેરલાભ લઈ ભોગ બનનારની મરજી વિરૂધ્ધ આ ૭૬ વર્ષની ઉંમરના આરોપી અરજણભાઈ પટેલે ભોગ બનનાર સાથે બળાત્કાર કરેલ હતો અને આ બાબતની કોઈને વાત કરીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપેલ હતી અને ત્યારબાદ આવું દુષ્કર્મ વારંવાર ભોગ બનનાર સાથે કરેલ હતું. તેમજ આ સમયગાળા દરમિયાન નિલેશભાઈ રામાભાઈ રાઠોડ તથા અશોકભાઈ વલ્લભભાઈ રાઠોડે પણ ભોગ બનનારની એકલતાનો ગેરલાભ લઈ તેની સાથે દુષ્કર્મ કરેલ હતું. આ કામના ભોગ બનનાર સાથે થયેલ દુષ્કર્મનાં કારણે તેઓને પ્રેગ્નેન્સી રહી ગયેલ હતી અને ત્યારબાદ તેમણે હોસ્પિટલમાં બાળકને જન્મ આપેલ હતો. આમ આ કામે એક સગીર વયની બાળક સાથે ૭૬ વર્ષની ઉંમરના અરજણભાઈ તથા અન્ય આરોપીઓએ દુષ્કર્મ કરી સગીર બાળાને ગર્ભવતી કરેલ તે બાબતની ફરિયાદ પાળીયાદ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ હતી.

તે અન્વયે બોટાદના એસ.પી. તથા ડી.વાય.એસ.પી.નાં માર્ગદર્શન નીચે પી.આઈ. એન.જી. પરમાર તથા પી.ડી. વાંદાએ સઘન તપાસ શરૂ કરેલી. ત્યારબાદ તેમની ટીમે આરોપીઓની ધરપકડ કરેલી અને સઘન તપાસ કરેલી. (૧) અરજણભાઈ ખોડાભાઈ વડછડ (પટેલ), (૨) નિલેશભાઈ રામાભાઈ રાઠોડ, (૩) અશોકભાઈ વલ્લભભાઈ રાઠોડ સામે બીએનએસની કલમ-૬૫ (૧), ૬૪(૨), ૩૫૧(૨) તથા પોકસો એકટની કલમ-૩ થી ૮ મુજબનું ચાર્જશીટ કરવામાં આવેલ હતું.

આ બનાવ હાલ સમગ્ર બોટાદ પંથકમાં તથા સમગ્ર સૌરાષ્ટ્રમાં આ કામના આરોપી અરજણભાઈ પટેલ ૭૬ વર્ષની ઉંમરના હોય અને ભોગ બનનાર પર બળાત્કાર કરી અધમ કૃત્ય આચરેલ હોય જેથી ચર્ચાસ્પદ બનેલ.

સરકારે બનાવની ગંભીરતાને ધ્યાને લઈ ગુજરાત સરકારનાં હોમ ડીપાર્ટમેન્ટ ધ્વારા આ કામે સ્પેશ્યલ પી.પી. તરીકે અમરેલીનાં સીનીયર અને બાહોશ એડવોકેટ કે જેમણે ઘણા કિસ્સામાં સ્પે. પી.પી. તરીકે સફળતાપૂર્વક કામગીરી કરી આરોપીઓને સખ્ત સજા કરાવેલ છે તેવા એડવોકેટ ઉદયન ત્રિવેદીની ખાસ સરકારી વકીલ તરીકે નિમણૂંક ગુજરાત સરકાર તરફથી કરવામાં આવેલ છે અને તંત્રના સબંધિત તમામ ડીપાર્ટમેન્ટને જાણ કરેલ છે.

## બાબરા : આરાધનાબેન માંજરીયાએ દર્શાવ્યો શિક્ષણ પ્રેમ PSE શિષ્યવૃત્તિની સમગ્ર રકમ શિક્ષણ સંસ્થાને અર્પણ કરી

બાબરા, તા. ૩૦

આજના સમયમાં જયાં વિદ્યાર્થીઓ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે સઘન મહેનત કરી રહ્યા છે, ત્યાં બાબરાની એક નાનકડી દીકરીએ પોતાના શિક્ષણપ્રેમ અને સંસ્થા પ્રત્યેની કૃતજ્ઞતાનો અનોખો દાખલો પૂરૂ પાડ્યો છે.

ગાંધીનગર સ્થિત KDET (કાઠી દરબાર શિક્ષણ ટીમ) દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયાર કરવામાં આવે છે. આ સંસ્થા માટે બાબરાની વિદ્યાર્થીની આરાધનાબેન ગૌતમભાઈ માંજરીયાએ રાજય સરકારની PSE (પ્રાથમિક શિષ્યવૃત્તિ) પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી હતી.

પરીક્ષા પાસ કર્યા બાદ તેમને રાજય સરકાર તરફથી મળેલી



અંદાજે રૂ. ૧૨,૦૦૦ની શિષ્યવૃત્તિની સંપૂર્ણ રકમ KDET સંસ્થાને અર્પણ કરવાનો નિર્ણય કર્યો, જે તેમની સંસ્થાપ્રતિની લાગણી અને શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

વિદ્યાર્થીનીના આ ઉમદા કાર્યને શિક્ષણજગતમાં પ્રશંસા મળી રહી છે. નાની વયે સમાજ અને શિક્ષણ માટે જવાબદારીની ભાવના પ્રગટ કરનાર આરાધનાબેન અન્ય વિદ્યાર્થીઓ માટે પણ પ્રેરણારૂપ બન્યા છે.

શૈક્ષણિક ક્ષેત્રના આગેવાનો અને સંસ્થાના હોદ્દેદારોએ આરાધનાબેનને શુભેચ્છાઓ પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ વ્યકત કરી છે. તેમના આ કાર્યથી એ સાબિત થાય છે કે સાચું શિક્ષણ માત્ર સફળતા પ્રાપ્ત કરવામાં નહીં, પરંતુ સમાજ અને સંસ્થા પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરવામાં પણ રહેલું છે.

નાનકડી ઉંમરે શિક્ષણ અને સંસ્કારનો અનોખો સંદેશ આપનાર આરાધનાબેન ગૌતમભાઈ માંજરીયાને સર્વત્રથી અભિનંદન મળી રહ્યા છે.

## અમરેલીનાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા બગસરાનાં હડાળા ગામે મહિલા ખેડૂત માટે તાલીમનું આયોજન

**વિષય નિષ્ણાંત ડો. શ્વેતાબેન પટેલે માર્ગદર્શન આપેલ**



અમરેલી, તા. ૩૦

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અમરેલી દ્વારા તા. ૨૭ મે ૨૦૨૬ના રોજ બગસરા તાલુકાના હડાળા ગામે ખેડૂત બહેનો માટે ક્ષત્રિય તાલીમનું આયોજન કરવામાં આવ્યું. આ તાલીમમાં ડો. નેહાબેન તિવારી દ્વારા વિવિધ બકેરી આઈટમ બનાવટની તાલીમ તથા ફળ નું મૂલ્ય વર્ધન કરીને આવક ઉભી કરવાની કૌશલલક્ષી તાલીમ આપવામાં આવી. આ ઉપરાંત કેવીકેના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. મિનાક્ષી કે. બારીયા દ્વારા જમીન અને પાણીના પૃથ્થકરણ વિશે સમજાવ્યું તથા ખાતરનો સંતુલિત ઉપયોગ કરવા વિશે ખેડૂત બહેનોને માહિતગાર કર્યા આ કાર્યક્રમમાં ૫૬ જેટલી ખેડુ બહેનોએ ભાગ લીધો. તા. ૨૯ મે ૨૦૨૬ના રોજ ખેડૂતભાઈઓની ઓનલાઈન તાલીમ કરવામાં આવી જેમાં મગફળીની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ તથા જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના જૈવિક ઉત્પાદનનાં વેચાણ જેવા કે ગીરસાવજ ટ્રાયકોડમાં અક લાભદાયક ફૂગ જે જમીનજન્ય રોગ માટે ઉપયોગી છે અને બ્યુવેરીયા જીવાણું જન્ય ફૂગ જે જૈવિક જીવાત નિયંત્રણ માટે ઉપયોગી છે તેના અંગે વિષય નિષ્ણાંત ડો. સ્વેતાબહેન પટેલે ખેડૂતોને માર્ગદર્શન આપ્યું. આ તાલીમમાં ૨૨ જેટલા ખેડૂતભાઈઓ ભાગ લીધો હતો.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઈમ
મેડીકલેઈમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઈમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયકુંડલી
Mo. 93770 03636




WALK IN INTERVIEW
ઈલેકટ્રીશીયન - વાયરમેન - સીસીટીવી માટે સ્ટાફ જોઈએ છે
(કામની જવાબદારી)
ઈલેકટ્રીકલ વાયરીંગ
ફાયબર સ્પ્લાઈસીંગ - O.N.U. કન્ફીગરેશન
CCTV ઈન્સ્ટોલેશન & મેઈન્ટેનન્સ
P.A. સીસ્ટમ ઈન્સ્ટોલેશન (માઈક)
પ્રોજેકટર ઈન્સ્ટોલેશન
સર્વેલન્સ સીસ્ટમ ઈન્સ્ટોલેશન & મેઈન્ટેનન્સ
સર્વેલન્સ સીસ્ટમ ઈન્સ્ટોલેશન & મેઈન્ટેનન્સ
ઈલેકટ્રીકલ ડેકોરેશન વર્ક
O.T.D.R. રીપોર્ટીંગ
દરેક પ્રકારના સેન્સર ઈન્સ્ટોલેશન & મેઈન્ટેનન્સ
SALARY : Starting Rs. 35/Hour (For Freshar) + EPFO
TIME : MONDAY to SATURDAY - 8:45 AM to 1:45 PM - 2:45 PM to 7:45 PM
MAHAJAN TELNET LLP.
E-mail : info@mahajantelnet.com
Web : www.mahajantelnet.com
95 86 86 86 49




અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦












**પ્રકરણ .. ૨૮૭, – ૧૯૬૫**

**પ્રિય વાચક મિત્રો,**

સમયની સાથે યુવાનોની વિચાર ધારા આ બદલાતી રહે છે, જેમ કે આજ ભારતમાં કોકરોચ પાર્ટી એ એક સોકીયલ મીડિયા દ્વારા યુવાનોને એકઠા કર્યા છે, તે સાચું કેટલું અને ખોટું કેટલું તે સમય બતાવશે, પણ આ પાર્ટીમાં ઉમેરાતા જતાં જેન – જી માં શું સાચે જ વર્તમાન સમય સાથે, વર્તમાન સ્તિથિમાં કોઈ અસંતોષ છે ? તે નક્કી કરવું મુશ્કેલ બન્યું છે, સાથે રાજકીય વિશ્લેષકો માટે વિચારાત્મક પણ બન્યું છે. ૧૯૬૬ માં પણ યુવાનોની વિચારધારા બદલાયેલી હતી. કોઈના કોઈ સંદેશ સાથેની ફિલ્મ અને તે પણ બ્લેક એન્ડ વ્હાઈટ જોવી તેમને પસંદ ના હતી, જે ફિલ્મમાં રોમાન્સ, ક્રાઈમ હોય તે અને સારા ગીત સંગીત સાથેની રંગીન ફિલ્મ જોવી તેમને પસંદ હતી. આ વર્ષે ટોપ ટેનમાં તમામ ફિલ્મ રંગીન છે. આજની ફિલ્મ જાણીતા નિર્માતા જે. ઓમ પ્રકાશની ફિલ્મ છે. જે. ઓમ પ્રકાશની પ્રથમ ફિલ્મ આસ કાપંછી સફળ થયા બાદ તેઓ તેમની ફિલ્મનું ટાઈટલએથી શરૂ કરતાં હતા. આઈ મિલન કી બેલાની જબરી સફળતા બાદ ૧૯૬૬માં તેમની ફિલ્મ આયે દિન બહાર કે પણ સુપર હિટ રહી. જે ઓમ પ્રકાશને ફિલ્મ આઈ મિલન કી બેલા બાદ ધર્મેન્દ્ર સાથે મિત્રતા થઈ ગઈ હતી. અને રાજેન્દ્ર કુમાર એ સિલ્વર જુબેલી સ્ટાર બની ચૂકયા હતા, અને તેમની કામ કરવાની રકમ પણ વધુ હતી. તેથી આ ફિલ્મમાં તેમણે ધર્મેન્દ્રની વધતી લોકપ્રિયતાને ધ્યાનમાં લઈ નાયક બનાવ્યા. ફિલ્મના નિર્દેશક રઘુ નાથ જલાનીએ બિમલ રોયના સહાયક રૂપે કામ કરી ચૂકયા છે, અને બંદિની ફિલ્મ દ્વારા ધર્મેન્દ્ર સાથે નિકટતાના સંબંધોથી જોડાયેલા

# સુનો સજના... પપિહે ને, કહા સબ સે પુકાર કે.. કે આયે દિન બહાર કે યે કલી, જબ તલક, ફૂલ બન કે ખીલે... ઈંતજાર કરો, ઈંતજાર હો ભલા મેરે દુશ્મન તું મેરી.... દોસ્તી કો તરસે.... મુજે ગમ દેને વાલે... તું ખુશી કો




હતા.આમ ધર્મેન્દ્ર તેમના ફિલ્મની ટીમ સાથે સારા સંબંધોથી જોડાયેલ રેહતા હતા, જે તેમની સફળતાનો એક ભાગ હતો.ફિલ્મની અભિનેત્રી હતા, આશા પારેખ, આશા પારેખ તે સમયના લોકપ્રિય અભિનેત્રી હતા. ૧૯૬૬ના ફિલ્મી સફરમાં આજની અને તે પછીની ત્રણ ફિલ્મો એટલે કે સતત ચાર ફિલ્મોમાં હીરો અલગ અલગ છે, પણ અભિનેત્રી આશા પારેખ જ છે. એક સાથે ચાર ટોપ ટેન ફિલ્મોએ આશાને સૌથી વધુ લોકપ્રિય અભિનેત્રી બનાવ્યા હતા. આશા સાથે શૂટિંગમાં તેમની માતા હંમેશા સાથે રેહતા હતા, અને આશાએ સમયની સાથે શિસ્તના આગ્રહ રાખતા હતા. કોઈપણ હીરો કે સાથી કલાકાર તેમની સાથે કામ સિવાયની વાતો કરતાં ના હતા. આશા સ્પસ્ટવક્તા હોવાથી તે સમયના હીરો તેમના થી કામ સિવાયની વાતોથી દૂર રેહતા હતા. ધર્મેન્દ્રએ આશા કરતાં વયમાં મોટા હતા, પણ કારકિર્દી મુજબ આશાએ ધર્મેન્દ્ર કરતાં સિનિયર હતા. ધર્મેન્દ્ર જયારે સંઘર્ષ કરતાં હતા, ત્યારે આશા એક નામી અભિનેત્રી બની ગયા હતા. ધર્મેન્દ્ર એવી આશા રાખતા હતા કે તેઓ નાયક બનશે તો આશા સાથે કામ કરશે, અને આ આશા તેમની ફળીભૂત થઈ. આયે દિન બહાર કે બાદ આશા અને ધર્મેન્દએ ઘણી સફળ ફિલ્મો આપી. જેની વાત કરતાં રહેશું. ફિલ્મનું શૂટિંગ દાર્જિલિંગમાં થતું હતું, કારણ કે કશ્મીરમાં યુદ્ધ અને અસામાન્ય પરિસ્તીથીના લીધે ત્યાં શૂટિંગ કરવું શકય ના હતું. ધર્મેન્દ્ર શૂટિંગ બાદ રાતે હમેશા શરાબનું સેવન કરતાં હતા. અને આશાને શરાબ પીનાર વ્યક્તિ પસંદના હતા. તેઓએ એ જો ધરમ શરાબના છોડે તો શૂટિંગ કરવાની ના કહી દીધી અને અંતે ધર્મેન્દ્રએ આ ફિલ્મનું શૂટિંગ થયું ત્યાં સુધી શરાબને હાથના લગાવ્યો. આ ફિલ્મમાં ધર્મેન્દ્ર શર્ટ વગરની સાથે માત્ર એક ટોપલા પહેરી દેખાય છે, આ ફિલ્મમાં ધર્મેન્દ્રના પાત્રો જે જોડિયા ભાઈ, જેમાં એક બગડેલ યુવાન અને એક આદર્શ યુવાનએ આગામી સમયની અમોલ પાલેકરની એક અમીર યુવતી આશાને ચાહવા લાગે છે, યુવાની ની તકરાર બાદ આશા અને ધરમલગ્ન ના સપના જુવે

## ફિલ્મી સફર
(એક ઈતિહાસ)

**હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬**

ફિલ્મ ગોલમાલની કહાની બને છે. અહી આ કોમેડી થોડા સમયમાં પૂર્ણ થાય છે. અહી ધર્મેન્દ્રએ કોમેડી, રોમાંટિક અને પિતાને શોધતા યુવાનની ભૂમિકામાં યાદગાર અભિનય આપેલ છે. આપણે આજે પણ કોઈ સ્ત્રી કે યુવતી દ્વારા યુવાન કે પુરૂષોને કેહતા સાંભળીએ છીએ, કે, તારા ઘર માં માં બેન નથી. તે શબ્દ વાકય આ ફિલ્મ દ્વારા આશાજીના મુખેથી બહાર પડેલ છે.આયે દિન બહાર કે ના નિર્માતા, જે. ઓમ પ્રકાશ, નિર્દેશક રઘુનાથ જલાની, વી બાબા સાહેબની સિનેમા ઓટો ગ્રાફી, આનંદ બક્ષીના ગીત અને લક્ષ્મીકાન્ત પ્યારેલાલની મધુર સંગીત જેમાં રફી સાહેબ, લતાજી, આશાજી, મહેન્દ્ર કપૂરના મધુર કંઠ સાથે આ ફિલ્મમાં ધર્મેન્દ્ર, આશા પારેખ, નાઝીમાં, સુંદર, રાજેન્દ્ર નાથ, રાજ મેહરાં, સુલોચના, લીલા મિશ્રા, સી.એસ.દુબેય અને બલરાજ સાહનીએ અભિનય આપેલ છે. ફિલ્મની કથા ટૂંકમાં જોઈએ તો, ધરમ તેની માતા સુલોચના સાથે રહે છે, અને છે, અને તે આશાના પિતા રાજ અને ધરમની માતા સુલોચના પૂર્ણ કરવા બન્નેની સગાઈ ગોઠવે છે, પણ તે સગાઈમાં રાજની બહેન લીલા સુલોચના પર આક્ષેપ મૂકે છે કે તે કૂવારી માતા છે અને ધરમએ હરામનું સંતાન છે. સગાઈ થતી નથી. ધરમ તેની માતાને સાચું બોલવા કહે છે, તો તેની માતા કહે છે કે તેના પિતા તેના જન્મ પેહલા બન્ને ને મૂકી જતાં રહ્યા છે. ધરમને માતા પર આક્રોશ ઊભો થાય છે, તે શરાબનો સહારો લે છે. અને તેમાં એક ગુનો કરી દે છે. કોર્ટમાં જજ બલરાજ ધરમને પિતાનું નામ પૂછે છે, તો ધરમ કહે છે કે તે તેના પિતાને નફરત કરે છે, તે મળે તો તેને આજની સ્તિથિ માટે સજા આપશે. બલરાજ ધરમને તેની માતાનું નામ પૂછે છે, તો તેને ખ્યાલ આવી જાય છે કે ધરમ એ તેનો જ પુત્ર છે, જે માતા અને પુત્રને બલરાજ વર્ષોથી શોધી રહ્યો છે. બલરાજ ધરમને જામીન પર છોડાવી ઘરે લઈ જાય છે. અને સમજાવે છે કે, જો તેની માતા વ્યભિચારી હોય તો ગરીબીમાં ના જીવે,




તેથી તું તારા માતા પ્રત્યેનો ગુસ્સો દૂર કરી, માતાને મળવા જા. બલરાજ એમ ધારે છે કે, ધરમ તેની માતાને મળવા જશે અને તે સાથે જશે એટલે સત્ય ધરમને સમજાઈ જશે. ધરમ અને બલરાજ ધરમની માતાને મળવા જાય છે, પણ પડોશી કહે છે કે તેની માતાએ ધરમના ગયા બાદ પાણીમાં કૂદી આત્મ હત્યા કરી લીધી છે. ધરમ નિરાશ થઈ જાય છે, પણ બલરાજ ધરમને પુત્ર બનાવી ઘરે લઈ આવે છે.એક દિવસ ધરમને બલરાજ અને તેની માતા સુલોચનાનો યુવાનીનો ફોટો મળી જાય છે, અને બલરાજ તેના પિતા છે, તે સમજી જાય છે, પણ તેને બલરાજ પ્રત્યે નફરત ઊભી થાય છે. ધરમ બલરાજ એક નારી સંસ્થાના ઉદઘાટનમાં હોય છે, ત્યાં પહોચી બલરાજનું અપમાન કરે છે, પણ તે નારી સંસ્થા તેની માતા ના નામે છે, અને તેની માતાની મુર્તિ ત્યાં સ્થાપિત કરી છે, તે જાણ્યા બાદ ધરમ બલરાજને પિતા રૂપે સ્વીકારી લે છે. બીજી તરફ સુલોચનાને નદીના પાણી માંથી એક વ્યક્તિ બચાવી લે છે, અને તે ફરતી ફરતી તે નારી સંસ્થામાં પહોચે છે. તેની મુર્તિ જોઈ તે બલરાજ અને ધરમને મળે છે, અને વિખૂટો પડેલ પરિવાર એક થાય છે.તો બીજી તરફ આશાના લગ્ન તેના પિતા નક્કી કરે છે, પણ આશા ધરમ જે શહેરમાં છે ત્યાં પહોચી જાય છે, પણ ધરમને મળી શકતી નથી. તેને એક યુવતી નાઝીમાં આશરો આપે છે, નાઝીમાં એક નર્સ છે, જે ધરમની માતાની સંભાળ માટે ધરમ પાસે પહોચે છે. નાઝીમાં ના પ્રેમાળ વહેવારથી બલરાજ અને સુલોચના ધરમના લગ્ન નાઝીમાં સાથે થાય તેવું ઈચ્છે છે. નાઝીમાં પણ ધરમને ચાહે છે, પણ ધરમ આશાને ભૂલી શકે તેમ નથી. આશાને ખ્યાલ આવે છે કે ધરમ આશાને નફરત કરે છે, પણ ભૂલી શકયો નથી, અને સમજે છે કે આશાના લગ્ન થઈ ગયા છે, તો ધરમ અને નાઝીમાંની ખુશી ના લીધે ધરમ સામે ધરમની સગાઈના દિવસે એક ભાડૂતી બાળક સાથે આવે છે. ધરમને આશા પ્રત્યે વધુ નફરત થાય છે. પણ નાઝીમાંને ધરમ અને આશાના પ્રેમની ખબર પડી જાય છે, તે ધરમને કહે છે કે આશાના લગ્ન થયા નથી, તે બાળ ક પણ તેનું નથી, તે માત્ર ધરમને ખુશ જોવા માંગે છે, તો ધરમ આશાને શોધવા નીકળે છે અને તેને આત્મ હત્યા કરતી રોકી તેની સાથે લગ્ન કરે છે. ફિલ્મની કહાની સતત ચાલતી રહે છે. ફિલ્મ વર્ષની સાતમા નંબરની સુપર હિટ ફિલ્મ રહી. ફિલ્મનું બજેટ ૫૫ લાખ અને નફો સવા કરોડ નો થયો. ફિલ્મના ગીત અને સંગીત ફિલ્મની સફળતાનો પાયો છે. હિન્દી સિનેમા માં આજ સુધી માત્ર બે ગીત એવા આવ્યા છે, જેમાં નિશાસા અને સામેના પાત્ર માટે ખરાબ ભાવના બદ દુવા વ્યક્ત કરવામાં આવી છે, એક ગીત છે, કિશોર કુમારના સ્વર માં મેરે મહબૂબ કયામત હોગી અને બીજું રફી સાહેબના સ્વરમાં મેરે દુશ્મન તું મેરી દોસ્તી કો તરશે આ ગીતની વાત વગર આ ફિલ્મની વાત અધૂરી છે. આનંદ બક્ષી એ એટલા નિર્દયી નિશાસા લખ્યા છે, જેમ કે, તું ફૂલ બને પતઝડ કા, તુજ પે બહારના આયે કભી... જીયે તું ઈસ તરહ કે ઝીંદગી કો તરસે.... બીજી પંક્તિ છે, તેરે ગૂલ્સન સે જયાદા કોઈ વિરાનાના હો, ઈસ દુનિયા મે તેરા અપના તો કયા કોઈ બેગાના ના હો, કિસી કા પ્યાર કયાં તું બેરૂખી કો તરસે.. મેરે દુશ્મન તું મેરી દોસ્તી કો તરસે... આ ગીત રફી સાહેબે અલગ અંદાઝમાં રજૂ કર્યુ છે. આ ઉપરાંત, લતાજીના સ્વરમાં સુનો સજના પપીહે ને. કહા સબ સે પુકાર કે.. કે આયે દિન બહાર કે, તો મહેન્દ્ર કપૂર સાથે, યે કલી જબ તલક ફૂલ બન કે ખીલે.. યાદગાર ગીતો છે. આગામી અંકમાં આશા પારેખ અને મનોજ કુમારની યાદગાર સફળ ફિલ્મ સાથે મળીશું. આભાર..

# ।। તુટેલા જીગરમાંથી વહી ગયેલા અશ્રુબિંદુઓ ।।

## સુખી અને સાર્થક જીવનનું રહસ્ય



**ડો. ધીરજકુમાર વ્યાસ**
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા

અન્નયાને ઘરે ધર્મવીર આવ્યો છે જો ભાઈ–બહેન ચર્ચા કરે છે. અન્નયાને કહ્યું સાહિત્ય વ્યકિતને સારો માણસ બનાવે છે. ભાઈ, તમે સ્વ. દેસાઈને વાંચ્યા છે. મુનશી, ધુમકેતુ, મેઘાણી ? સ્વ. દેસાઈની નવલકથાઓ, દિવ્ય ચક્ષુ ભરેલો અગ્નિ શિરિષ જયંત, કોકિલા, સ્નહેયજ્ઞ વાંચ્યા છે બીજા લેખકોની એકાદ કૃતિ ! તે મને "ખરી માં" વાર્તા વાંચી સંભળાવી છે. મને યાદ છે એક સારૂ ભણેલ યુવતી 'કુસુમાયુધ'ની માં બનવામાં પ્રયત્ન કરે છે આદર્શ માતા બનવાનાં થોકબંધ પુસ્તકો વાંચીને લગ્ન કર્યા છે પરંતુ કુસુમાયુધને ખુબ તાવ આવ્યો હોય છે રોજ અલગ સુતી આ યુવતી કુસુમાયુધને પાણીનાં પોતા મૂકવા એક પલંગમાં સુવે છે કુસુમાયુધને સપનુ આવે છે સપનામાં માંને બોલાવવા બૂમ પાડે છે માં માં યુવતી કુસુમાયુધને કહે છે "જો ભાઈ હું અહીં તમારી પાસે છું." હું માં કુસુમાયુધ આંખ ખોલીને કહે છે મારી માં મને તું કહીને બોલાવતી તમે નહિ. યુવતીના હદયમાં ઝટકો લાગ્યો. માં મારે તલસતા આ બાળકને હજી હું માં નથી લાગતી યુવતીની આંખમાંથી આંસુ ધસી આવ્યા. કુસુમાયુધને નજીક છાતી સાથે વળગાડી કપાળ ચુંબન કરતાં રડતી રડતી બોલી આ રહી હું તારી માં અને કુસુમાયુધ પણ માંને વળગી સુતો તેને લાગ્યું કે ખરી માં આમ જ કરે. વાર્તા પુરી થાય છે અન્નયાની આંખમાં આંસુ છે ભાઈને કહે છે ખરો પ્રેમ વ્યકિતમાં પરિવર્તન લાવે છે ધર્મવીર વધુ નજીક આવી બહેનનો હાથ પકડી વહાલથી કહ્યું બહેન તું વધારે પડતી લાગણીશીલ છે નાની વાતમાં રડવા લાગે છે આ કઠોર વાસ્તવિકતા દુનિયામાં તું નહિ ચાલે કેમ નહી ચાલુ ? પ્રેમમાં તાકાત છે ગમે તેવા કઠોર હદયમાં પરિવર્તન લાવી શકે. તું જાણે છે ને શ્રી રવિશંકર મહારાજે બહારવટિયાનાં પાસે જઈ હદયપરિવર્તન કરાવ્યું હતું. વિનોબા ભાવે જમીનદારો પાસે જઈ વંચિતોને જમીન અપાવી હતી. જયપ્રકાશ નારાયણે નકલસલવાદીઓનાં હદય નથી બદલ્યા. ધર્મવીરે મજાક કરતા કહ્યું તું ટ્રમ્પ કાકાની જગ્યાએ હોય તો શું કરે ? હું હંમેશા લડાઈ ઝઘડા યુધ્ધનો વિરોધ્ધ કરૂ છું જગતને શાંતિ પ્રેમની જરૂર છે અવેરે જ શમે વેર ન શમે વેરવેરથી આ જ્ઞાન સાર્થક કરવા સમસ્ત વિશ્વને શસ્ત્રોને બદલે ઉપયોગી દવા ઉપયોગી સઘનો બનાવવા કહીશ. શસ્ત્રોને દરિયામાં ફેકી દો અણુબોમ્બને બદલે નવા નવા રોગ માટે દવાની શોધ કરો.ક્ષમા વીરમ્ય ભૂષણમ જુઓ ચમત્કાર થાય છે કે નહિ વિશ્વ એક કુટુંબની જેમ રહે. કોઈ દેશની સરહદો ન હોવી જોઈએ. લશ્કર પાછળ શસ્ત્રો પાછળ થતો તમામ ખર્ચ માનવજાતિનાં કલ્યાણ માટે થાય તો પૃથ્વી ઉપર સ્વર્ગ ઉતરે એક વખત ચોકકસ દુનિયા શસ્ત્રોનો ત્યાગ કરશે. આપણી આસપાસ સુક્ષ્મરોગોનાં અનેક જીવાણુ છે હજી ઘણી શોધ કરવાની બાકી છે. અનન્યા એક શ્વાસે બોલતી હતી અને આંખમાંથી આંસુ ટપકતા હતાં. ધર્મવીરે કહ્યું ઈશ્વરના રાજયમાં અચા બધુ થશે તું તારો દિપક બન બીજાની ચિંતા કર નહિ આપણી આસપાસ જો અજવાળુ થાય એટલે સમગ્ર વિશ્વ ઝળહળી ઉઠશે તારા વિચારો સારા હોવા છતાં જગતમાં શ્રેય અને પ્રેય સુખ અને દુ:ખ બન્ને છે તેથ આપણે સારા વિચારો કરવાના અને સત્યના માર્ગે ચાલવાનુ ટ્રસ્ટ ઈન ગોડ એન્ડ ડુ ધી રાઈટ મારા સપનાની પાંખે ઉડીશ નહી પરંતુ તું આવુ બધુ લખવાનુ કયારે બંધ કરે છે ? થોડું વાસ્તવવાદી લખવાનુ રાખ ધરતી ઉપર પગ રાખીને ચાલીશ તો પડીશ નહી બલ્કે સફળ થઈશ આજે જ્ઞાનની વાર્તા વાંચવાની કોને નવરાશ છે ? ચાલ હવે મારે સમય થઈ ગયો છે હું જાઉં એક મિનિટ ભાઈ આ મારી લાયબ્રેરી સામે જો અહીં ગીતા, રામાયણ, મહાભારત કુરાન બાઈબલ, ભગવાન મહાવીરના પુસ્તકો એકબીજાને અડીને પડયા છે આ પુસ્તકો કયારેય ઝઘડો કરતા નથી અને આ પુસ્તકો જેને વાંચ્યા નથી તેઓ જ ઝઘડો કરે છે પુસ્તકોને સમજયા નથી તેઓ યુધ્ધની વાત કરે છે પુસ્તકો આપણા એવા મિત્રો છે કે દુ:ખમાં આશ્વાસન આપે છે કાયમી મિત્રો નેવર ફ્રેઈલીંગ ટ્રેન્ડસ છે. પુસ્તકો નથી વાંચતા તેઓ પુસ્તકોનાં વિચારો વિશે ઝઘડો કરે છે ભાઈ મોબાઈલ છોડીને સારા પુસ્તકો વાંચવાનું હું સૌને કહેવા માંગુ છું. જો કે મારી પહેલા ઘણાએ કહ્યું છે અને કહેતા રહેશે પણ આજે તો અનન્યાને લખવાનું મન થયુ છે પાર વગરના તરફડતા દિલને મળ વાનું મન થયું છે રોજ સપંદરની જેમ લ્હેર ઉઠે છે મનમાં વાદળ વિખાય તો આકાશને જોવાનું મન થયુ છે ઘણા પાત્રો ભર્યા છલોછલ શબ્દોથી ભરતી અને ઓટને આલિંગવાનું મન થયું છે હવે જાગી છે આશા ઓરો આવે તો હું કહું દરવાજે ઊભી છું એકલી કોઈની રાહે. પાસે આવે તો દિલની વાત કહું પરંતુ ખરેજ કયારેય કોઈને દિલની વાત કરી શકાય ? આપણે આપણો ધર્મ, આપણો માર્ગ પસંદ કરવાનો છે સમગ્ર તીર્થોની યાત્રા કર્યા પછી પણ તમારા મનમાં પ્રેમ ન જાગે તો તીર્થ કર્યાથી શું ? (અપૂર્ણ)

# પરીક્ષાઓનું 'લીકેજ' અને વ્યવસ્થાનો લકવો : કરોડોના કોચિંગ માફિયા અને લાચાર ભવિષ્ય !

આ વર્ષે મે મહિનાનો આકરો રૂપિયાનું ટર્નઓવર ધરાવતી એક ક્રૂર ફેકટરી



## સૂત્રધાર

**ડો. અમિતકુમાર રસિકલાલ મહેતા**
મો. ૯૮૪૪૮ ૯૦૦૫૯ અમરેલી

તડકો માત્ર વાતાવરણને જ નથી દઝાડી રહ્યો, પરંતુ દેશના લાખો વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓના કાળજાને પણ બાળી રહ્યો છે. એક તરફ CBSE ના ઓન – સ્કીન માર્કિંગ (OSM) ની ટેકનિકલ ખામીઓ અને ટાર્ગેટ પૂરો કરવા માટે ઉતાવળે થતા મૂલ્યાંકનની મર્યાદાઓ સામે સવાલો ઉઠી રહ્યા છે, તો બીજી તરફ મેડિકલમાં પ્રવેશ માટેની સેથી મોટી પરીક્ષા 'NEET' માં પેપર લીક થવાના, પરીક્ષા કેન્દ્રોની મિલીભગત અને શંકાસ્પદ માર્કસ આવવાના સમાચારોએ આખી શૈક્ષણિક વ્યવસ્થાની આબરૂના લીરેલીરા ઉડાડી દીધા છે.જયારે કોઈ મધ્યમ વર્ગનો પિતા પોતાના પેટે પાટા બાંધીને, જિંદગીની આખી મૂડી હોમીને સંતાનોની ફી ભરે છે અને બાળક દિવસના ૧૪ – ૧૪ કલાક લોહીનું પાણી કરીને મહેનત કરે છે, ત્યારે વ્યવસ્થાના વાહિયાત અને નબળા નિયંત્રણોને કારણે આખી મહેનત પર પાણી ફરી વળે છે. સવાલ એ થાય છે કે શું આપણી રાષ્ટ્રીય કક્ષાની એજન્સીઓ એટલી લાચાર થઈ ગઈ છે કે એક પરીક્ષા પણ નૈતિકતાથી અને સુરક્ષિતરીતે યોજી શકતી નથી? **શિક્ષણના નામે ચાલતી 'માફિયાશાહી' :**

આ આખી સડેલી સિસ્ટમના મૂળમાં જો કોઈ સૌથી મોટું કેન્સર હોય, તો તે છે દેશમાં પગપેસારો કરી ચૂકેલા 'કોચિંગ માફિયા'. આજે શિક્ષણએ જ્ઞાન મેળવવાનું સાધન નથી રહ્યું, પણ અબજો બની ગયું છે. વાલીઓમાં એક પ્રકારનો ડર પેદા કરીને, મોટા – મોટા હોર્ડિંગ્સ પર ટોપર્સના ફોટા છાપીને આ માફિયાઓ કરોડો રૂપિયા ઉઘરાવે છે. અને જયારે આટલા કરોડો રૂપિયા દાવ પર લાગેલા હોય, ત્યારે પોતાની બ્રાન્ડ વેલ્યુ જાળવી રાખવા માટે આ શૈક્ષણિક માફિયાઓ કોઈ પણ હદ સુધી જવા તૈયાર થઈ જાય છે.પેપર સેટ કરનારાઓથી લઈને પરીક્ષા કેન્દ્રોના સંચાલકો સુધી આ માફિયાઓનું નેકસસ એટલું મજબૂત છે કે પ્રામાણિકતાથી ભણતો વિદ્યાર્થી લાઈનમાં છલ્લે ઊભો રહી જાય છે. જે પરીક્ષામાં એક – એક માર્કસ માટે હજારો વિદ્યાર્થીઓ પાછળ રહી જતા હોય, ત્યાં આખે આખા પેપર ખરીદી લેવાય અને આખી સિસ્ટમ મૂંગો તમાશો જોતી રહે, એ દેશના બૌદ્ધિક ભવિષ્યની ક્રૂર હત્યા છે. સત્તાના ગલિયારાઓમાં બેઠેલા બાબુઓ માત્ર એટલું જ કહીને હાથ ધોઈ નાખે છે કે 'અમે તપાસ કમિટી બેસાડી દીધી છે'. પણ સાહેબ, જે બાળકના આખી જિંદગીના સપનાઓરોળ ાઈ ગયા છે, તેની માનસિક વેદનાનું ઓડિટ કોણ કરશે ? **ટેકનોલોજીનો ભપકો અને જમીની વાસ્તવિકતા :** આપણે ગમે તેટલા ડિજિટલ ઈન્ડિયા કે હાઈ – ટેક ઓન–સ્કીન ઈવેલ્યુએશનના દાવા કરીએ, પણ જો તપાસનારા શિક્ષકો પાસે માત્ર 'કોમ્પ્યુટર સ્કીન' હોય અને સંવેદના ગાયબ હોય, તો એવા ડિજિટાઈઝેશનનો શો ફાયદો ? મહેનત કરનાર વિદ્યાર્થી રડી રહ્યો છે અને 'શોર્ટકટ' અપનાવનાર કે લાખો રૂપિયા




ફેંકનાર સિસ્ટમની મજાક ઉડાવી રહ્યો છે. જો દેશના ભવિષ્ય સમાન યુવાનો સાથે જ આવી રમત રમાતી રહેશે, તો આવનારી પેઢ ીનો આ દેશની ન્યાય પ્રણાલી અને લોકશાહી પરથી ભરોસો જ ઉઠી જશે.

આજની વાસ્તવિકતા જોઈને લાગે છે કે હવે હકદાર નહીં, પણ જેની પાસે કોચિંગ માફિયાઓને આપવાના લાખો રૂપિયા છે, એ જ રાજા બનશે. વાલી તરીકે આજે આપણી ફરજ માત્ર બાળકને ભણાવવાની નથી રહી, પણ આ નબળા નિયંત્રણો સામે અવાજ ઉઠાવવાની પણ બની ગઈ છે.

**આ આંધળી વ્યવસ્થા વચ્ચે જાગૃત થવાના ૪ સૂત્રો :**

**૧. કોચિંગના આંધળા અનુકરણથી બચો :** સ્કૂલ અને બાળકની મૌલિક ક્ષમતા પર ભરોસો રાખો. મોંઘી ફી વાળા કોચિંગ કલાસ જ સફળતાની ગેરંટી છે, એ ભ્રમમાંથી બહાર આવવાની જરૂર છે.

**૨. મેન તોડો** (Be Vocal) **:** જયારે પણ શૈક્ષણિક મૂલ્યાંકનમાં કે પરીક્ષાઓમાં અન્યાય દેખાય, ત્યારે કાયદાકીય અને નૈતિક રીતે અવાજ ઉઠાવતા અચકાવું નહીં. આપણું મેન જ આ માફિયાઓનું સૌથી મોટું હથિયાર છે.**૩. બાળકનો હાથ પકડી રાખજો :** જો આવી ગેરરીતિઓના કારણે સંતાન સફળ ન થઈ શકે, તો વાલી તરીકે તેને તૂટવા ન દેતા. એને સમજાવજો કે દેશની સડેલી સિસ્ટમ અને માફિયાઓની રમત તારી બુદ્ધિ અને ક્ષમતાનું માપદંડ નથી બની શકતી. જિંદગી એક પરીક્ષાથી ઘણી મોટી છે.**૪. નૈતિકતાની જીત :** બાળકને શીખવો કે શોર્ટકટથી મેળવેલી સફળતા ક્ષણભંગુર છે. લાંબી રેસનો ઘોડોએ જ બનશે જેની પાસે સાચું જ્ઞાન અને પ્રામાણિકતા હશે. આ દેશના તેજસ્વી યુવાનોનું ભવિષ્ય કોઈ લપટી એજન્સીઓ, નબળા સરકારી વહીવટ કે નફાખોર કોચિંગમાફિયાઓના ભરોસે ન મૂકી શકાય. હવે સમય આવી ગયો છે કે શિક્ષણ જેવા પવિત્ર ક્ષેત્રને આ 'લીકેજ' અને વ્યાપારીકરણમાંથી મુક્ત કરવામાં આવે. છેલ્લે, આ લાચાર વ્યવસ્થા અને માફિયાશાહી પર આટલું જ ચિંતન : 'મહેનત કરનારાના સપનાઓ હરામ થઈ જાય છે સાહેબ, જયારે સરસ્વતીના મંદિરમાં જ વેપારીઓ આખો વહેવાર કરી જાય છે ! 'આ રવિવારે, કાગળના આ લીક થયેલા આંકડાઓથી પર થઈને, તમારા સંતાનોના આત્મવિશ્વાસની પડખે અડીખમ ઊભા રહેજો !


# ।। પુરૂષાર્થ એ જ પ્રારબ્ધ ।।



**હાર્દિક ચંદારાણા**
મો. ૭૨૧૧૧ ૫૫૫૭૩ ઈ-મેઈલ : hchanadarana@gmail.com

માતા–પિતા વ્યક્તિના જીવનમાં ખૂબ જ મોટી ભૂમિકા ભજવે છે. માતા – પિતાનું સ્થાન બીજું કોઈ લઈ શકતું નથી. દર વર્ષે, ૧ જૂન માતા – પિતાના પ્રેમ, બલિદાન, સમર્પણ, કઢણા અને યોગદાનને માન આપવા માટે 'વર્લ્ડ પેરેન્ડસ –ડે' એટલે કે 'વિશ્વ માતા – પિતા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. ૧ જૂને સમગ્ર વિશ્વ જયારે આ 'વૈશ્વિક માતા – પિતા દિવસની ઉજવણીની તૈયારીઓ કરતું હશે, ત્યારે હૃદયના કોઈ ખૂણે એક ખૂબ જ શાંત અને મધુર સંવાદ જગાડવાનું મન થાય છે. આ દિવસ કોઈ કેલેન્ડરની ઓપચારિક તારીખ કે વોટસએપ પર સુંદર સ્ટેટસ મૂકવા પૂરતો મર્યાદિત નથી, પણ આ આપણી દોડતી જિંદગીને થોડી ક્ષણો માટે થંભાવીને આપણા અસ્તિત્વના મૂળિયાં તરફ નજર કરવાનો એક પવિત્ર અવસર છે.સોશિયલ મીડિયા પરમા – બાપના ફોટા મૂકીને 'Happy Parents Day' લખવું બહુ સહેલું છે... પણ અસલી શ્રવણ એ છે જે ફોટાના સ્ટેટસ નહીં, ઘરમાં મા – બાપના મોઢા પર કયારેય ઉદાસી ન આવવા દે ! માતા – પિતા હોવું એટલે શું? એનો સાચો જવાબ કોઈ પુસ્તકોમાં નથી મળતો, પણ પિતાના કબાટમાં સચવાયેલી એ જૂની ડાયરીમાં મળે છે, જેમાં ઘરના સો હિસાબો અને સંતાનોની જરૂરિયાતો સૌથી ઉપર લખેલી હોય છે, પણ પોતાના ફાટેલા ખિસ્સા કે અધૂરા રહી ગયેલા શોખનો કોઈ ઉલ્લેખ નથી હોતો.આપણે અવારનવાર ઈશ્વરને શોધવા માટે ભક્તિના જુદા – જુદા માર્ગો અપનાવીએ છીએ, પણ એ ભૂલી જઈએ છીએ કે આપણા જ ઘરમાં બે એવા ગુમનામ શિલ્પીઓ બેઠા છે, જેમણે પોતાની આખી જુવાની અને લોહીનું એક – એક ટીપું કણ – કણ ઘસીને આપણું ભવિષ્ય કંડાર્યુ છે. પિતા એ વટવૃક્ષની એ શીતળ છાયા છે, જે પોતે ભલે આખો દિવસ બહારના ધોમધખતા તાપ અને સંઘર્ષોમાં શેકાતા રહે, પણ પરિવારની અંદર કયારેય ચિંતાની આંચ આવવા નથી દેતા. જયારે માતા એ ઘરની એવી જીવંત ધરી છે, જે બાળકની નાની અમસ્તી તકલીફ કે આંખના એક આંસુ પાછળ પોતાની આખી રાતની ઊંઘ અને સુખ હસતા મુખે કુરબાન કરી દે છે. સંસ્કારોનું સાચું સિંચન કોઈ સ્કૂલ – કોલેજમાં નથી થતું, એ તો પિતાની પ્રમાણિકતા અને માતાના વહાલભર્યા હાલરડાંમાંથી આપણા લોહીમાં ભળે છે.આજના અતિ આધુનિક અને સોશિયલ મીડિયાના યુગમાં આપણી પાસે આખી દુનિયા સાથે કનેકટ રહેવાનો સમય છે, પણ જેમના કારણે આપણે આ સૃષ્ટિ જોઈ, તેમની સામે બેસીને બે મીઠી વાતો કરવાનો સમય કયારેક ઓછો પડી જાય છે. ઉંમરના આ પડાવ પર માતા – પિતાને તમારા કોઈ મોટા બેંક બેલેન્સની, વૈભવી સગવડોની કે મોંઘી ભેટ – સોગાદોની અપેક્ષા નથી હોતી. વડીલોને તો બસ સંતાનોના થોડા સમયની, તેમના આદરની અને એ પ્રેમભર્યા ભરોસાની ભૂખ હોય છે કે, 'બાપુજી / મા, તમે ચિંતા ન કરો, હું તમારી સાથે જ છું. જેવી રીતે તેમણે આપણા બાળ પણના તોફાનો, અણસમજ અને ભૂલોને હંમેશાં વહાલથી પોતાના કાળજામાં સમાવી લીધા, એવી જ રીતે ઘડપણમાં તેમની નબળ ાઈઓ કે લાચારીને સ્નેહપૂર્વક સ્વીકારવી એ આપણી નૈતિક ફરજ જ નહીં, આપણું પરમ સદ્ભાગ્ય છે.જેમણે આખી જિંદગી આપણી એક નાની અમસ્તી જીદ અને સપનાઓ માટે પોતાના સુખો કુરબાન કરી દીધા, એ જ માતા – પિતા જો ઘડપણમાં આપણા જ ઘરમાં એકલતા અને ઉપેક્ષાના આંસુ રડતા હોય... તો સમજજો કે નસોમાં વહેતું એ લોહી પાણી સમાન છે અને આપણી આલીશાન જિંદગીનો પાયો સાવ કાચો છે ! બ્રહ્માંડના બધા જ તીર્થો અને ભગવાન પણ એવા ઘરના ઉંબરા કયારેય નથી ઓળંગતા, જયાં ઘરમાં બેઠેલા એ એવા બે જીવતા દેવતાઓની આંખોમાં સંતાનની બેદરકારીની વેદના છલકાય.કર્મનો હિસાબ એકદમ ચોખ્ખો છે સાહેબ... કૃષ્ણએ ગીતામાં સાફ કહ્યું છે કે, 'સમય જયારે ન્યાય કરે છે ત્યારે સાક્ષીની જરૂર નથી પડતી ! ' તમે દુનિયાથી છુપાઈ શકો છો, પણ તમારા કર્મોથી નહીં. આજે તમે તમારા મા – બાપ સાથે જેવું વર્તન કરશો, કાલે તમારી સંતાનો તમારી સાથે એવું જ વર્તન કરશે ! જે બીજાને આપશો એ જ સો ગણું થઈને પાછું આવશે; પછી એ પ્રેમ હોય, સન્માન હોય કે ઘડપણમાં એકલતાનો ધોકો !માતા – પિતા એ ઘરમાં રાખેલું કોઈ જૂનું કે ઉપેક્ષિત ફર્નિચર નથી, પરંતુ એ તો ઘરનો એવો મજબૂત પાયો છે જેના આશીર્વાદ પર આખો પરિવાર હસતો – રમતો ટકેલો છે. જો ઘરમાં બેઠેલા વડીલોનો ચહેરો સંતોષ અને ગર્વથી ખીલેલો હોય, તો એનાથી મોટું દુનિયામાં કોઈ સ્વર્ગ નથી. વડીલોના આશીર્વાદ જ જીવનનું સૌથી મોટું સંરક્ષણ કવચ છે અને તેમની નિ : સ્વાર્થ સેવા એ જ આ પૃથ્વી પરનું સૌથી પવિત્ર તીર્થ છે. ચાલો, આ ૧ જૂને માત્ર એક દિવસ પૂરતો જ નહીં, પણ જિંદગીના પ્રત્યેક શ્વાસ સાથે એવો સંકલ્પ લઈએ કે આપણા કારણે કયારેય એ પૂજનીય આંખોમાં આંસુ ન આવે અને તેમનું ગૌરવ હંમેશાં જળવાઈ રહે.

# સાવરકુંડલા : મોબાઈલના યુગમાં બાળકો મેદાને આવ્યા : ઐતિહાસિક બાળ રમતોત્સવ સંપન્ન



સાવરકુંડલાની પ્રતિષ્ઠિત સંસ્થા કૃષ્ણકુમારસિંહજી વ્યાયામ મંદિર ખાતે સંસ્થાના શતાબ્દી વર્ષ મહોત્સવ અંતર્ગત ગઈકાલ તારીખ ૨૯/૦૫/૨૦૨૬, શુક્રવારના રોજ સાંજે ૭:૦૦ કલાકે ૩ થી ૬ વર્ષના નાના ભૂલકાઓ માટે એક ભવ્ય અને અનોખા 'બાળ રમતોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર અમરેલી જિલ્લામાં અનોખી ભાત પાડે તેવા આ બાળ રમતોત્સવમાં ખૂબ જ વિશાળ સંખ્યામાં બાળકોએ હોંશે હોંશે ભાગ લીધો હતો. આજના ડિજિટલ હાઈ–ટેક યુગમાં જયારે બાળમાનસ પણ મોબાઈલના રવાડે ચડી ગયું હોય અને મેદાની રમતો ધીમે–ધીમે વિસરાઈ રહી હોય, તેવી પરિસ્થિતિ વચ્ચે બાળકોની માનસિક અને શારીરિક શકિતઓ ખીલે તેવા ઉમદા હેતુથી આ આયોજન કરવામાં આવ્યું હતું. આ ભવ્ય પ્રસંગે સાવરકુંડલાના લોકપ્રિય ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, પોલીસ પ્રશાસન વતી અમરેલી એસ.પી. સંજય કરાત, સાવરકુંડલા ડીવાયએસપી (DySP), પીઆઈ (PI) તેમજ મામલતદાર વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત સાવરકુંડલા નગરપાલિકાના પ્રમુખ નયનાબેન કાપડીયા, ઉપપ્રમુખ નૂતનબેન તન્ના, અગ્રણી પ્રવિણભાઈ સાવજ રજનીભાઈ ડોબરીયા અને ડો. વડેરા વગેરે મહાનુભાવોએ પ્રેરક ઉપસ્થિતિ આપી બાળકોનો ઉત્સાહ બમણો કર્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે વ્યાયામ મંદિર સંસ્થાના પ્રમુખ પારેખ, ઉપપ્રમુખ દીપકભાઈ શેઠ, મેનેજીંગ ટ્રસ્ટી વિનુભાઈ રાવળ તથા ટ્રસ્ટી મુકુંદભાઈ નાગ્રેચા સહિતના પદાધિકારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી. આ અવસરે શહેરના સામાજિક–રાજકીય અગ્રણીઓ તેમજ પત્રકાર જગતમાંથી ફારૂક કાદરી, મહેન્દ્રસિંહ અને બિપીનભાઈ પાંધી વગેરે પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. આજના સમયમાં વેકેશનનો સદઉપયોગ કરી બાળકોને રમતગમતનું શ્રેષ્ઠ સ્ટેજ પૂરૂ પાડવાના આ ભગીરથ પ્રયાસને શહેરના તમામ બુદ્ધિજીવીઓએ મુકતકંઠે બિરદાવ્યો હતો. ખૂબ જ ખુશનુમા વાતાવરણમાં યોજાયેલા આ સમગ્ર કાર્યક્રમનું ઉત્કૃષ્ટ સંચાલન શતાબ્દી મહોત્સવ કમિટીના કન્વીનર કેતનભાઈ ખુમાણ દ્વારા કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના નિયમ મુજબ વિજેતા થનાર બાળકોને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા અને કાર્યક્રમના અંતે સંસ્થા દ્વારા ઉપસ્થિત તમામ રમતવીરો, વાલીઓ અને મહેમાનો માટે અલ્પાહારની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

### ઓકસફર્ડ સ્કુલ ઓફ સાયન્સમાં અભ્યાસ કરતી

## અમરેલીની જીલ નયનભાઈ રાજપરાએ ''ગુજકેટ''ની પરીક્ષામાં ૧૨૦માંથી ૧૧૯ માર્કસ મેળવ્યા

### શિક્ષણપ્રેમી લલાડીયા દંપતીએ શુભેચ્છા પાઠવી

અમરેલી, તા. ૩૦

અમરેલીની તેજસ્વી તારીકા જીલ નયનભાઈ રાજપરાએ વિપરીત પરિસ્થિતિનો હિંમતભેર સામનો કરી ઝળહળતી સફળતા હાંસલ કરી.

તેણીએ ૨૦૨૪ માર્ચની પરીક્ષામાં ધોરણ ૧૦માં અમરેલી કેન્દ્રમાં પ્રથમ ક્રમાંક હાસલ કર્યો અને ધોરણ ૧૨ સાયન્સ એ ગ્રુપમાં પ્રવેશ લઈ એન્જિનિયરિંગના સપનાઓ સાથે જીલે તનતોડ મહેનત કરી ફરી ધોરણ ૧૧માં પણ આવી જ સફળતા મેળવી, ધોરણ ૧૨ સાયન્સની તૈયારી શરૂ કરી દિવસમાં ૧૬– ૧૬ કલાક સખત પરિશ્રમ ચાલુ કર્યો.

માતા અવનિકાબેન પિતા નયનભાઈ અને દાદા શશીકાંતભાઈ દાદી પ્રવિણાબેનના આશીર્વાદથી મહેનત કરતી જીલના પરિવાર પર રક્ષાબંધનને દિવસે જ વજ્રઘાત થયો જીલની પ્રગતિમાં હંમેશા પ્રેરણા સ્ત્રોત અને તેને ખૂબ વહાલ કરતા મયંક કાકા એકાએક પ્રાણ ઘાતક હૃદય રોગના હુમલાથી મૃત્યુ પામ્યા. પોતાની નજર સામે આવું બધું બન્યું હોવા છતાં ઝીલ મક્કમ મન રાખી એક આંખમાંથી આંસુ અને બીજી આંખથી અભ્યાસ.... આવી કઠોર સમતુલા વચ્ચે અભ્યાસ કરવા લાગી. ઓક્સફોર્ડ સ્કૂલની તેજસ્વી તારલીનું તમામ શિક્ષકો ખૂબ ધ્યાન રાખીને વિશેષ માર્ગદર્શન આપતા હતા હજુ આ આઘાતમાંથી બહાર નીકળી પ્રિલિમિનરી પરીક્ષાની તૈયારી કરતી હતી ત્યાં જ પુત્ર વિયોગના દુઃખમાંથી બહાર ન આવી શકેલ દાદા શશીકાંતભાઈનું અવસાન થયું.

IIT JEEની પરીક્ષા દેવા રાજકોટ જવાનું હતું તે જ દિવસે દાદા શશીકાંતભાઈ ઉત્તરક્રિયા હતી, હિંમત એકઠી કરી જીલે કહ્યું કે પપ્પા મમ્મી તમે આ વ્યવહાર પૂર્ણ કરો. હું એકલી જતી રહીશ .આમ રાજકોટ એકલી જઈ પુરા આત્મવિશ્વાસથી પરીક્ષા આપી.

ધોરણ ૧૨ સાયન્સની પરીક્ષા માં સમગ્ર સ્કૂલમાં પ્રથમ સ્થાન મેળવ્યો ઉપરાંત ગુજકેટની પરીક્ષામાં ૧૨૦ માંથી ૧૧૯ માર્ક પ્રાપ્ત કર્યા અમરેલીના ઈતિહાસમાં છેલ્લા ઘણા વર્ષોથી આ પ્રકારની સિદ્ધિ કોઈ વિદ્યાર્થીએ મેળવી હોય તે અસાધારણ ઘટના છે.ધોરણ ૧૨ સાયન્સ મહત્વપૂર્ણ વર્ષ હોય એક એક મિનિટ ની કિંમત હોય, સખત પરિશ્રમ હોય અને એમાં પરિવારમાં બબ્બે મૃત્યુના આઘાત હોય તેવા સંજોગોમાં ઝીલ દ્વારા મેળવેલ પરિણામ અગન જવાળા વચ્ચે કમળ ખીલવવા જેવી સિદ્ધિ છે. વર્ષોથી શિક્ષણ કાર્ય કર્યુ અને આ ક્ષેત્રમાં આ જ પર્યત વિદ્યાર્થી પ્રત્યે લાગણી અને આદર યથાવત રાખી માર્ગદર્શન સેવાઓ કરૂં છું તેથી અમરેલી વાણીયા સોની જ્ઞાતિની આ પ્રતિભા સંપન્ન પનોતી પુત્રીને વધામણા કરવાની ઈચ્છા થઈ અને તેમના સહ પરિવાર ને મળી તેની ઝળહળતી સફળતાને ખુબ ખુબ બિરદાવી.




નયનભાઈ તો પોતાના બિઝનેસમાં સમય કાઢીને જીલની તમામ દેખભાળ અને જરૂરિયાત સંતોષતા અને માતા અવનિકાબેન છેલ્લા ત્રણ વર્ષથી જીલ જેવો જ સંઘર્ષ કરી રહ્યા હતા, સાથોસાથ પુત્ર ખેલનને પણ અભ્યાસ કરાવતા જતા હતા. જીલે પહેલા ધોરણથી માંડીને ધોરણ ૧૨ સુધી લાગલગાટ પ્રથમ ક્રમ જાળવી રાખ્યો છે તેની પાછળ અવનિકાબેનનું કુશળ બેનમૂન પ્રેરણાદાયક પેરેન્ટિંગ રહ્યું છે પોતાના સંતાન ભણાવવા માટે એક માતાની જવાબદારી કેમ નિભાવાય તે અવનિકાબેન પાસે શીખવું જોઈએ. સમગ્ર પ્રેમાળ પરિવાર માતા પ્રવિણાબેન સર્વેને હું અને હેમાંગીની આદરપૂર્વક સન્માનિત કરવા ગયા ત્યારે અંતઃકરણમાં એવી લાગણી થઈ કે આપણે માં સરસ્વતીનું પૂજન કરીએ છીએ. એ વાતાવરણમાં માં સરસ્વતીની પ્રત્યક્ષ હાજરીનો સૌને અહેસાસ થયો.

દીકરી ઝીલને ખૂબ જ સારી કોલેજમાં એડમિશન મળે અને તેના ઉચ્ચ અભ્યાસના વર્ષોમાં પણ આવી જ સફળતા મેળવે ઉજ્જવળ કારકિર્દી તેવા અંતઃકરણપૂર્વક આશીર્વાદ દ્વારકાદાસ લલાડીયા અને હેમાંગીબહેન લલાડીયાએ પાઠવેલ છે.

## અમરેલી વિધાનસભા વિસ્તારના શિક્ષણ વિકાસને ઐતિહાસિક વેગ : ૨ નવી સરકારી માધ્યમિક શાળાઓની ભેટ

અમરેલી, તા. ૩૦

''સા વિદયા યા વિમુકતયે'' આમ તો જે શિક્ષણ માનવને અજ્ઞાનની ઝંઝીરો માંથી મુક્ત કરી ઉજ્જવળ ભવિષ્ય તરફ દોરી જાય, તે જ સાચું શિક્ષણ છે. અમરેલી વિધાનસભાના વિધાર્થિઓ માટે ઉપનિષદનું આ વાક્ય આજે ખરા અર્થમાં સાર્થક થયું છે.

ગુજરાત સરકાર દ્વારા અમરેલી વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્ય અને સરકારમાં રાજય મંત્રી કૌશિકભાઈ વેકરિયાના પ્રયાસોથી ચાલુ વર્ષમાં જ અમરેલી વિધાનસભાને ૨ નવી સરકારી માધ્યમિક શાળાઓની મહત્વપૂર્ણ ફાળવણી થઈ છે. જેમાં અમરેલી (શહેર) અને વડીયા ખાતે નવી શાળાઓ શરૂ થવાના નિર્ણયથી જિલ્લાના હજારો વિદ્યાર્થીઓને પોતાના વિસ્તારની નજીક ગુણવત્તાસભર માધ્યમિક શિક્ષણ પ્રાપ્ત કરવાનો માર્ગ વધુ સુગમ બનશે. અત્યાર સુધી અનેક વિદ્યાર્થીઓને ધોરણ–૮ પછી અભ્યાસ ચાલુ રાખવા માટે પોતાના ગામથી દૂર જવું પડતું હતું, જેના કારણે સમય, પરિવહન અને અન્ય વ્યવહારૂ મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. નવી શાળાઓ કાર્યરત થતાં વિદ્યાર્થીઓને પોતાના વિસ્તારની નજીક જ શિક્ષણની વધુ સારી તક ઉપલબ્ધ બનશે અને વાલીઓમાં પણ વિસનો માહોલ વધુ મજબૂત બનશે.

આ નવી શાળાઓની મંજૂરી સાથે જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી લાંબા સમયથી ઉઠતી લોકલાગણીને પણ યોગ્ય પ્રતિસાદ મળ્યો છે. શિક્ષણપ્રેમીઓ, વાલીગણ, સ્થાનિક આગેવાનો તથા જનપ્રતિનિધિઓ દ્વારા વિદ્યાર્થીઓને નજીકના વિસ્તારમાં માધ્યમિક શિક્ષણની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે સતત રજૂઆતો કરવામાં આવતી હતી. જે અન્વયે રાજય સરકારમાં મંત્રી કૌશિકભાઇ વેકરીયાએ વિસ્તારની જરૂરીયાતને ધ્યાને લઈ સરકારને બજેટમાં નવી સરકારી માધ્યમિક શાળાઓ મંજૂર કરવા બાબતે પ્રયાસો તેજ કર્યા હતા. આ માંગણીઓને સંવેદનશીલતાપૂર્વક ધ્યાનમાં લઈ લેવાયેલા આ નિર્ણયને કારણે શિક્ષણ ક્ષેત્રે વધુ સર્વસમાવેશક અને સુલભ વ્યવસ્થા ઊભી થવાનો માર્ગ મોકળો બન્યો છે.

રાજયમંત્રી કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યું હતું કે, ''જયારે કોઈ ગામમાં શાળા ઉભી થાય છે ત્યારે માત્ર એક ઈમારતનું નિર્માણ થતું નથી, પરંતુ આવનારી પેઢીના સપનાઓને નવી દિશા મળે છે. કોઈપણ વિદ્યાર્થી માત્ર અંતર કે સંજોગોના કારણે શિક્ષણથી વંચિત ન રહે, તે માટે રાજય સરકાર સતત પ્રતિબદ્ધ છે. અમરેલી વિધાનસભામાં મંજૂર થયેલી આ ૨ નવી શાળાઓ હજારો વિદ્યાર્થીઓના જીવનમાં નવી આશા, નવા અવસર અને નવા આત્મવિસનો સંચાર કરશે. અમરેલી વિધાનસભામાં શિક્ષણના વિસ્તરણ માટે લેવાયેલો આ નિર્ણય આગામી વર્ષોમાં વિસ્તારમાં સામાજિક અને આર્થિક વિકાસને નવી ગતિ આપશે. જ્ઞાનથી વિકાસ, વિકાસથી સમૃદ્ધિ અને સમૃદ્ધિથી સશકત સમાજ ! આ જ અમરેલીના ઉજ્જવળ આવતીકાલનો માર્ગ છે. આ પ્રસંગે વેકરીયાએ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી અને શિક્ષણ મંત્રી પ્રદ્યુમનભાઈ વાજાનો પણ આભાર વ્યકત કર્યો હતો અને આ સરકારી માધ્યમિક શાળાઓની મંજૂરીને એક દૂરંદેશી પગલું જણાવ્યું હતું.

## ૩૧ મે, વિશ્વ તમાકુ નિષેધ દિવસ તમાકુને ના, જિંદગીને હા




અમરેલી, તા. ૩૦

''વિ તમાકુ નિષેધ દિવસ'' મનાવવાનો મુખ્ય હેતુ તમાકુ નિષેધ પ્રત્યે લોકોમાં જાગૃતિ લાવવાનો છે. તમાકુ સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. એક અંદાજ મુજબ સામાન્ય રીતે તમાકુનો શિકાર ૧૨ થી ૧૭ વર્ષની વયના યુવા થાય છે. આ પાછળનું કારણ ક્યારેક કઈક નવું કરવાની જિજ્ઞાસા હોય છે તો ક્યારેક અન્ય કરતાં પોતે મોટા છે એવું સાબિત કરવાની લાલસા પાછળ સગીર વયે વ્યકિત વિવિધ વ્યસનોનો શિકાર થાય છે.

તમાકુ નિષેધ માટે જનજાગૃતિ હેતુ આ દિવસ પસંદ કરવામાં આવ્યો છે, પરતું ખરેખર તો આવા માદક પદાર્થોના નિષેધ માટે કોઈ પણ નિશ્ચિત્ત દિવસ હોતો નથી. કોઈ પણ વ્યકિત ઈચ્છે ત્યારે તેને બંધ કરી શકે છે બસ આ માટે જે તે વ્યક્તિએ પોતાનું મન મક્કમ કરવાની આવશ્યકતા છે. તમાકુની ખરાબ અસર મુખ્યત્વે ઉધરસ અને ગળામાં બળતરાની સાથે શરૂ થાય છે અને સમય જતાં તે હદય રોગ, ાસનળીનો સોજો, ન્યુમોનિયા સ્ટ્રોક અને ઘણા પ્રકારના કેન્સર જેવી સ્વાસ્થ્ય સમસ્યાઓ સહિત વધુ ગંભીર પરિસ્થિતી પણ સર્જી શકે છે જેમાં સૌથી ગંભીર અને વધુમાં વધુ જોવા મળતી સમસ્યા ઓરલ કેન્સર (માઉથ કેન્સર) છે. જો તમાકુનાં સેવનની આદતો હશે તો તે ફેફસા માટે હાનિકારક બનશે અને તેનાથી મૃત્યુ પણ નીપજી શકે છે. અહીં ક્યારેક એ સવાલ પણ પેદા થાય છે કે ભારત જેવા દેશમાં જયાં તમાકુ, સીગારેટના પેકિંગ પર જ તેના ઉપભોગ કર્યા પછીના પરિણામો દર્શાવેલ હોય છે અને કોઈ ફિલ્મ બતાવતા પહેલા પણ વ્યસન નિષેધ જાગૃતિના વિજ્ઞાપનો દર્શાવાય છે છતાં પણ દેશમાં મોટા ભાગે લોકો કોઈને કોઈ વ્યસનનો શિકાર થતા જ હોય છે. ધુમ્રપાનની સમસ્યાની વાત કરીએ તો તે મુખ્યત્વે મેટ્રો સિટીમાં(શહેરોમાં) વધારે જોવા મળે છે. તેની પાછળ મેટ્રો સિટિનું (શહેરોનું) વ્યસ્ત જીવન, સતત ચાલતું અને દોડધામ કરતું શરીર અને મનને લાગતો માનસિક થાક જવાબદાર છે. વધતી જતી હરિફાઈમાં વ્યકિત પર સતતને સતત કામનું દબાણ રહેવાનું એ સ્વાભાવિક છે પરંતુ તેના કારણે માદક દ્રવ્યોના સેવનનું આદિ થઈ જવું એ કોઈ સમસ્યાનો હલ ન કહી શકાય. આવી આદત છોડવા માટે વ્યકિતએ સૌ પ્રથમ મક્કમ નિર્ધાર કરવો પડશે જેના માટે એકાગ્રતા ચિત્તની શકિતની આવશ્યકતા છે. આ શકિત ધ્યાન, પ્રાણાયામ અને યોગથી શક્ય બની શકશે. તમામ વ્યસનોનો ત્યાગ કરીએ.

**– મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

### જિલ્લા ન્યાયતંત્રની અનોખી પહેલ

## અમરેલી : વિશ્વ પર્યાવરણ દિવસે માત્ર ઈકો–ફ્રેન્ડલી વાહનોનો ઉપયોગ કરવા પરિપત્ર

### પર્યાવરણ સંરક્ષણ અને ઈંધણ બચત માટે પહેલ

અમરેલી, તા. ૩૦

વર્તમાન વૈકિ પરિસ્થિતિ, પર્યાવરણની જાળવણી અને માનવજીવનના ઉજ્જવળ ભવિષ્ય પ્રત્યે એક જવાબદાર સંસ્થા તરીકેની નૈતિક જવાબદારી સમજીને અમરેલી ડિસ્ટ્રિક્ટ કોર્ટ અને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા એક અત્યંત પ્રશંસનીય અને અનુકરણીય પહેલ કરવામાં આવી છે.

આગામી સમયમાં પર્યાવરણની સુરક્ષા તેમજ વર્તમાન સંજોગોમાં ઈંધણની અછતને પહોંચી વળવા માટે અમરેલી ન્યાયતંત્રના વડા રીઝવાનાબેન બુખારી દ્વારા બે મહત્વના પરિપત્રો જાહેર કરીને સમાજ સમક્ષ એક પ્રેરણાદાયી ઉદાહરણ પૂઢં પાડવામાં આવ્યું છે.આગામી તા. ૦૫ જૂનના રોજ વિ પર્યાવરણ દિવસે માત્ર ઈકો–ફ્રેન્ડલી વાહનોનો જ ઉપયોગ કરવામાં આવશે. રોજબરોજના પરિવહનમાં ઈકો–ફ્રેન્ડલી સાધનોનો વપરાશ વધે તેવા શુભ આશય સાથે એક નવતર વિચાર અપનાવવામાં આવ્યો છે. આ દિવસે અદાલતમાં આવવા–જવા માટે માત્ર સાયકલ, પબ્લિક ટ્રાન્સપોર્ટ અથવા ઈલેક્ટ્રિક વાહનોનો જ ઉપયોગ કરવાનો આગ્રહ રાખવામાં આવ્યો છે. આ અનોખી ઝુંબેશમાં અમરેલી જિલ્લાના તમામ ન્યાયાધીશ, કોર્ટના સ્ટાફ મેમ્બર્સ, બાર એસોસિએશનના તમામ વકીલઓ, પેનલ એડવોકેટ્સ, એલ.એ.ડી.સી. તેમજ પી.એલ.વી. જોડાઈને પર્યાવરણ પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા વ્યકત કરશે.સાથે પક્ષકારોની ગેરહાજરીમાં કેસ ચલાવી આર્થિક રાહત આપવાનો નિર્ણય પણ કરવામાં આવ્યો છે. ઈંધણની કરકસર કરવાના ભાગરૂપે જિલ્લાની તાબાની તમામ કોર્ટોમાં ચાલતા કેસો પૈકી, જે કેસો પક્ષકારોની ગેરહાજરીમાં ચલાવી શકાય તેમહોય, તેમાં પક્ષકારોની રૂબરૂ હાજરીનો આગ્રહ રાખવામાં આવશે નહીં. આ નિર્ણયના કારણે કોર્ટમાં આવતા પક્ષકારોના બિનજરૂરી ફેરા ટળશે, જેનાથી પેટ્રોલ–ડીઝલની મોટી બચત થશે અને સામાન્ય જનતાને આર્થિક રાહત પણ મળશે.

જિલ્લા ન્યાયતંત્રના આ ભગીરથ પ્રયાસોનો મુખ્ય હેતુ સમાજમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવાનો છે અને સંસાધનોનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવાનો છે. ન્યાયતંત્રની આ નવતર પહેલને વકીલ મંડળ અને સ્ટાફ તરફથી બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે, જે સમગ્ર સમાજ માટે એક દિશાચૂચક પગલું સાબિત થશે તેમ ડિસ્ટ્રીક્ટ લીગલ સર્વિસ ઓથોરિટી અમરેલીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### લાલબહાદુર શાસ્ત્રીના શાસનકાળની યાદ અપાવી કરકસરના પગલાં ભરવા માંગ

## લોકજાગૃતિનો સૂર : જનપ્રતિનિધિઓના પેન્શન અને ભથ્થાં બંધ કરવા પ્રબળ બનતી લોકલાગણી

### દેશની આર્થિક સ્થિતિ વચ્ચે નેતાઓને 'ભોગ નહીં પણ ત્યાગ' અપનાવવા બુદ્ધિજીવીઓનું આહ્વાન

સાવરકુંડલા, તા. ૩૦

સ્થાનિક સ્તરે અને સમગ્ર પંથકના પ્રબુદ્ધ નાગરિકોમાં હવે દબાતા સ્વરે પણ એક ચોક્કસ અને મક્કમ સૂર સંભળાઈ રહ્યો છે કે જનતાના પ્રતિનિધિ તરીકે ચૂંટાયેલા ધારાસભ્યો અને સંસદસભ્યોને મળતા પેન્શન અને ભથ્થાં હાલ પૂરતાં બંધ થવા જોઈએ. સાંપ્રત સમયમાં વૈકિ અશાંતિ અને ઈરાન–અમેરિકા યુધ્ધના માહોલ વચ્ચે ભારતીય અર્થતંત્ર પણ દબાણ હેઠળ છે. પેટ્રોલ–ડીઝલ, રાસાયણિક ખાતર અને ગેસના વધતાં ભાવો તેમજ મોંઘવારીને કારણે સામાન્ય પ્રજા, ખેડૂતો, ખેતમજૂરો અને નાના વેપારીઓના ધંધા–રોજગાર ભાંગી પડ્યા છે. આવી કપરી પરિસ્થિતિમાં દેશને આર્થિક રીતે બેઠો કરવા માટે અને વિદેશી હૂંડિયામણ બચાવવા માટે જનપ્રતિનિધિઓએ પોતે આગળ આવીને ઉદાહરણ પૂરૂ પાડવું જોઈએ તેવી લોકલાગણી સાવરકુંડલા શહેરમાં બળવત્તર બની રહી છે.

નગરના બુદ્ધિજીવીઓ અને જાગૃત નાગરિકોનું સ્પષ્ટ માનવું છે કે રાજકારણમાં આવવાનો મુખ્ય હેતુ જનતાની સેવા કરવાનો અને મુશ્કેલીના સમયે લોકોની વહારે આવવાનો છે. માત્ર સાયકલ ચલાવવી કે કાર પૂલિંગ કરવું પૂરતું નથી. જયારે દેશનો આર્થિક વિકાસ મંદ પડ્યો હોય અને બેરોજગારી–મોંઘવારી વકરી રહી હોય, ત્યારે આગામી પાંચ વર્ષ માટે સાંસદો અને ધારાસભ્યોના પગાર–ભથ્થામાં ૬૦ ટકા જેટલો મોટો કાપ મૂકવો અનિવાર્ય બન્યો છે. આ સાથે જ સરકારી વહીવટી ખર્ચાઓ પર પણ કડક અને કરકસર યુકત અંકુશ રાખવાની તાતી જરૂરિયાત વર્તાઈ રહી છે. લાલબહાદુર શાસ્ત્રીના શાસનકાળની યાદ ભૂતકાળનો દાખલો આપતા સાવરકુંડલાના સ્થાનિકો જણાવી રહ્યા છે કે, જયારે દેશમાં અન્નની કટોકટી હતી ત્યારે તત્કાલીન વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીએ દેશવાસીઓને એક ટંક ઉપવાસ કરવાની હાકલ કરી હતી, જેને જનતાએ હોંશેહોંશે ઝીલી લીધી હતી. તેના પરિણામે જ દેશ હરિતક્રાંતિ તરફ આગળ વપ્રયો અને અન્ન ક્ષેત્રે આત્મનિર્ભર બન્યો. આજે ફરી એ જ સ્તરના મક્કમ અને આકરા નિર્ણયો નેતાઓએ પોતાનાથી શરૂ કરીને લેવાનો સમય પાકી ગયો છે.

'ભોગ કરતાં ત્યાગ' શ્રેષ્ઠ શાસ્ત્રોકત ઉકિત મુજબ 'ભોગ કરતાં ત્યાગમાં જ સાચું સુખ છે.' વર્તમાનમાં જે પૂર્વ ધારાસભ્યો કે સાંસદોને વૈધાનિક રીતે પેન્શન મળી રહ્યા છે, તેમણે દેશના આર્થિક હિતમાં તેનો સ્વૈચ્છિક ત્યાગ કરવો જોઈએ. લોકશાહીમાં આ પ્રશ્ન કાયદા કરતાં વધુ સંવેદનાનો છે. જો આગામી પાંચ વર્ષ સુધી તમામ બિનજરૂરી ખર્ચાઓ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવે, તો જ દેશ આર્થિક રીતે મજબૂત થઈ શકશે. કેવળ મીઠી વાતોથી મન ભરાઈ શકે, પણ ભૂખ્યા પેટની આંતરડી ઠરતી નથી તે વાસ્તવિકતા સ્વીકારીને નેતાઓએ પોતે જ આ દિશામાં પહેલ કરવી જોઈએ તેવો સુર સાવરકુંડલાના પ્રબુદ્ધ નાગરિકો વ્યકત કરી રહ્યા છે.

### ''પી.એમ પોષણ યોજના'' અન્વયે

## ટીંબી કેન્દ્ર નં. ૧૬ ખાતે ભોજન કેન્દ્રમાં સંચાલકની આવશ્યકતા

### તા.૧૫ જુન સુધીમાં અરજી કરવી

અમરેલી, તા. ૩૦

પી.એમ પોષણ (મધ્યાહન ભોજન) યોજના અન્વયે જિલ્લાના જાફરાબાદ તાલુકાની કન્યા શાળા ટીંબી કેન્દ્ર–૧૬ ખાતે મધ્યાહન ભોજન કેન્દ્રમાં સંચાલની (સ્થાનિક, સામાન્ય ઉમેદવાર) આવશ્યકતા છે. નિયત નમુનામાં કોરા અરજી પત્રકો કે જે જાફરાબાદ તાલુકા મામલતદાર કચેરીમાંથી રૂબરૂ વિના મુલ્યે મળી શકશે. અરજી પત્રકો કામકાજના કલાકો દરમિયાન તા. ૨૯/૫/૨૦૨૬ થી તા. ૧૫/૬/૨૦૨૬ સુધીમાં (જાહેર રજાના દિવસો સિવાય) મામલતદાર કચેરી જાફરાબાદ ખાતેથી મેળવી લેવાના રહેશે. સાથે તા. ૧૫/૬/૨૦૨૬ સુધીમાં મામલતદાર કચેરી જાફરાબાદ ખાતે બપોરના ૩ કલાક પહેલા પહોંચાડવાના રહેશે. ધો.૧૦ પાસની શૈક્ષણિક લાયકાત અને ઓછામાં ઓછી ૨૦ વર્ષ અને ૪૫ વર્ષની વચ્ચેની વય ધરાવતા ઉમેદવારોએ નિયત નમૂનામાં અરજી કરવી તેમ મામલતદાર જાફરાબાદની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### 'પી.એમ. કિસાન યોજના'ના તમામ લાભાર્થીઓએ

## ૩૦ જૂન સુધીમાં બાયોમેટ્રિક ઓથેન્ટિકેશ દ્વારા ઈ–કે. વાયસી પ્રક્રિયા પૂર્ણ કરવી

અમરેલી, તા. ૩૦

પી.એમ. કિસાન યોજનાના તમામ લાભાર્થીઓએ તા. ૩૦ જૂન પહેલા બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન દ્વારા વાર્ષિક ઈ–કે.વાયસી ફરજિયાત કરાવવાનું રહેશે. ભારત સરકારના કૃષિઅને ખેડૂત કલ્યાણ વિભાગ દ્વારા સંચાલિત પ્રધાનમંત્રી કિસાન સન્માનનિધિ (PM-KISAN) યોજના હેઠળ સહાય મેળવવા માટે તમામ નોંધાયેલ લાભાર્થીઓ માટે બાયોમેટ્રિક/ફેસ ઓથેન્ટિકેશન આધારિત e-KYC ફરજિયાત કરવામાં આવેલ છે. દરેક લાભાર્થીએ દર નાણાકીય વર્ષના પ્રથમ હપ્તા (એપ્રિલ–જુલાઈ)ના વિતરણ પહેલાં વાર્ષિક e-KYC પૂર્ણ કરાવવું આવશ્યક છે. જે લાભાર્થીઓ દ્વારા બાયોમેટ્રિક અથવા ફેસ ઓથેન્ટિકેશન આધારિત e-KYC પૂર્ણ કરવામાં આવશે, તેઓને જ પી.એમ. કિસાન યોજનાનો આગામી હપ્તો મળવાપાત્ર રહેશે.

વર્ષ ૨૦૨૬–૨૭ માટેનું વાર્ષિક ''e-KYC'' તા. ૩૦ જૂન, ૨૦૨૬ સુધીમાં ફરજિયાત પૂર્ણ કરાવવાનું રહેશે.

''e-KYC'' પૂર્ણ કરવા માટે (૧) ગ્રામ્ય કક્ષાએ ફેસ ઓથેન્ટિકેશન દ્વારા : વિલેજ નોડલ ઓફિસર દ્વારા PM-KISAN મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ કરીને ફેસ ઓથેન્ટિકેશન મારફતે e-KYC પૂર્ણ કરી શકાય છે. (૨) ઈજઈ અને ઈ–ગ્રામ કેન્દ્ર ખાતે : નજીકના કોમન સર્વિસ સેન્ટર (CSC) અથવા ઈ–ગ્રામ કેન્દ્ર ખાતે બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન દ્વારા e-KYC કરાવી શકાય છે. (૩) લાભાર્થી દ્વારા સ્વયં મોબાઈલ એપ્લિકેશનથી : PM-KISAN મોબાઈલ એપમાં Login-Login Type - Beneficiary વિકલ્પ પસંદ કરી આધાર નંબર અથવા રજીસ્ટ્રેશન નંબર દ્વારા ફેસ ઓથેન્ટિકેશનથી પોતાનું તેમજ અન્ય ૧૦૦ લાભાર્થીઓનું e-KYC પૂર્ણ કરી શકાય છે.

જિલ્લામાં તમામ લાભાર્થીઓનું e-KYC સમયમર્યાદામાં પૂર્ણ થાય તથા કોઈપણ ખેડૂત આગામી હપ્તાના લાભથી વંચિત ન રહે તે માટે ગામડાઓમાં વ્યાપક જનજાગૃતિ, પ્રચાર–પ્રસાર, કેમ્પોનું આયોજન તેમજ ગામદીઠ ઓછામાં ઓછા ૦૫ યુવાનોને PM-KISAN મોબાઈલ એપ્લિકેશન દ્વારા e-KYC કરવાની તાલીમ આપી કેમ્પેઈન મોડમાં કામગીરી હાથ ધરવામાં આવશે.આથી, તમામ ખેડૂત લાભાર્થીઓને અનુરોધ કરવામાં આવે છે કે તેઓ સમયમર્યાદામાં પોતાનું વાર્ષિક e-KYC પૂર્ણ કરાવી યોજનાના લાભથી વંચિત ન રહે. વધુ માહિતી માટે લાભાર્થીઓ પોતાના ગામના તલાટી કમ મંત્રી/સિટી તલાટી (કસ્બા તલાટી)નો અથવા તાલુકા કક્ષાએ તાલુકા વિકાસ અધિકારી અને મામલતદારોનો સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

24/7 Emergency Services
GUVNL
• ગોળાના અને ગોઠણનાં (ઘુંટણ), રિપ્લેસમેન્ટનાં સર્જન
• મસલ/સ્નાયુ કાપ્યા વગર આગળ થી થતું ગોળો બદલવાનું રિપ્લેસમેન્ટ ઓપરેશન
• હિપ એ.વી.એન. (ગોળો સુકાઈ જવો)
• હિપ ફેકચર (ગોળો અથવા થાપાનાં ભાગે ફેકચર)
• હિપ આર્થેરાઈટિસ (ગોળાનાં ભાગે ઘસારો) તથા ઘુંટણ બદલવાનું ઓપરેશન તથા TKR અને THR પછી થયેલ ઈન્ફેકશન/પરૂની સારવાર
ડો. ભાર્ગવ ટી. નિમાવત
M.S. Orthopedics, F.I.J.R.
NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૨૦૯૨૦/૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629

## જિલ્લાની ૬૦૩ ગ્રામ પંચાયતો ખાતે ગ્રામસભામાં સત્તાવાર ઠરાવો પસાર કરવામાં આવ્યા

# અમરેલી જિલ્લાને રાજય કક્ષાના પ્રતિષ્ઠિત 'ઓવરઓલ એકસેલન્સ' એવોર્ડનું સન્માન

**સમગ્ર વર્ષ દરમિયાન ૫૦ જેટલી ફોકસ ગ્રૂપ ડિસ્કશન/શિબિરનું સફળ આયોજન**

**૩૧૪ તમાકુ નિષેધ સંકલ્પ કાર્યક્રમો અન્વયે ૫,૯૪૨ લોકોએ વ્યસનમુકિતનાં શપથ લીધા**

**ગ્રામ્ય વિસ્તારનાં કુલ ૧૮ હજાર લોકો ખાસ અભિયાનમાં જોડાયા**

**કુલ ૨,૮૪૯ લોકોને તમાકુનું વ્યસન હંમેશા માટે ત્યજીને તંદુરસ્ત જીવન જીવવા માટે પ્રેરિત કરાયા**



આલેખન અને સંકલન : ધર્મેશ વાળા

અમરેલી, તા. ૩૦

દર વર્ષે ૩૧મી મે ના રોજ 'વિ તમાકુ નિષેધ દિન'ની ઉજવણી હાથ ધરવામાં આવે છે. આ વર્ષની થીમ : Unmasking the appeal-Countering Nicotine and Tobacco Addiction છે. આ થીમ અંતર્ગત દેશવ્યાપી કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

જિલ્લા તમાકુ નિયંત્રણ સેલ (ડીટીસીસી) અમરેલીના અથાગ પ્રયાસો અને આયોજનબદ્ધ જનજાગૃત્તિ અભિયાનના ભગીરથ પ્રયાસ થકી જિલ્લાને રાજય કક્ષાના પ્રતિષ્ઠિત "ઓવરઓલ એકસેલન્સ" એવોર્ડનું સન્માન પ્રાપ્ત થયું છે. ૭૯માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી નિમિત્તે આ રાષ્ટ્રીય કાર્યક્રમ હેઠળ ઉત્કૃષ્ટ સેવા અને સમર્પણ દાખવવા બદલ તમાકુ નિયંત્રણ સેલના કર્મચારીઓને વિશેષરૂપે સન્માનિત કરી પ્રોત્સાહિત પણ કરવામાં આવ્યા હતા.


જિલ્લામાં નાગરિકો

અનુસંધાન પાના ૬ ઉપર

### "જળ એ જીવન છે" સુત્રનો કોઈ મત્તલબ રહેતો નથી

## બાબરા-ચમારડી માર્ગ ઉપર નર્મદાની પાઈપલાઈનમાં લીકેજથી પાણીનો વેડફાટ

**તંત્રનાં અધિકારીઓની બેદરકારીની તપાસ જરૂરી**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૩૦

બાબરા-ચમારડી માર્ગ પર નર્મદાની મુખ્ય પાઈપલાઈનમાં આવેલા એર વાલ્વમાં અચાનક લીકેજ સર્જાતા હજારો ગેલન કિંમતી પાણી જમીનમાં વહી જતાં ભારે પાણીનો વ્યય થયો હતો. લીકેજના કારણે કલાકો સુધી પાણી સતત વહી રહ્યું હતું, જેના પરિણામે આસપાસના ખેતરોમાં પાણી ફરી વળ્યું હતું તેમજ નજીકનો કોઝવે પણ પાણીથી તરબતર થઈ ગયો હતો.

સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ લાંબા સમય સુધી પાણીનો વેડફાટ ચાલુ રહ્યો હોવા છતાં જવાબદાર તંત્રને તેની જાણ મોડેથી થઈ હતી. ત્યારબાદ તંત્ર દ્વારા પાણી પુરવઠો બંધ કરી પરિસ્થિતિ કાબૂમાં લેવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જોકે ત્યાં સુધીમાં હજારો ગેલન નર્મદાનું અમૂલ્ય પાણી વ્યર્થ વહી ગયું હતું.

એક તરફ ઉનાળાની કાળઝાળ ગરમીમાં બાબરા શહેર અને ગ્રામ્ય વિસ્તારોના લોકોને પીવાના પાણી માટે નિયમિત પુરવઠો મળતો નથી અને પાણીની સમસ્યાનો સામનો કરવો પડે છે, ત્યારે બીજી તરફ આવી બેદરકારીના કારણે પાણીનો મોટાપાયે

અનુસંધાન પાના ૬ ઉપર

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Namkeen Sales HOD - 1 (1 to 3 Year experience in FMCG)
• Liaisonig Officer - 1
• Sales & Marketing Officer - 3 (Ice Cream / Milk / Snacks)
• Reporting Manager - 1
• Sales Co - Ordinator - 1
• Trainer - 1
Location :
Amreli, Gujarat.
hrscpl1987@gmail.com
+91 95109 59957
APPLY NOW

LG Life's Good.
Explore the new range of Single Door Refrigerators
Nature Series
SPRING
224 L (D23)
210 L (D22)
Available in:
Base Stand &
Non-Base Stand
Color options:
Wine Royal
LG BEST SHOP
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ, અમરેલી
Mo.94081 59606 / 99747 72377
VISIT LG BEST SHOP FOR ATTRACTIVE CASH BACK

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૬૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

Aikyam
એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S., M.I.A.P.P.
કન્સલ્ટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો, જાતિય નબળાઈ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..
:: લક્ષણો ::
● ઉદાસી રોગ
● મરવાના વિચાર આવવા
● વિચારવાયુ
● વહેમ, શંકા
● મંદબુધ્ધિ બાળકોની સારવાર
● ચિંતા - ટેન્શન
● માથાનો દુઃખાવો
● જાતિય રોગો
● વ્યસનમુકિત : દારૂ, બીડી, તમાકુ, કાલા
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 97370 28181 | Ph. 02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિધા ઉપલબ્ધ...

( જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા )
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૬૪૩૪
ડોકટર હાઉસ અમરેલી કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.)
ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ઘોડાસરા (M.S.)
ડો. દ્રષ્ટિ પંડયા (ફીઝીયોથેરાપીસ્ટ)
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ
ડો. ઉત્સવ ઉનડકટ (ઈન્ટરવેન્શનલ કાર્ડિઓલોજીસ્ટ) મો. ૯૧૯૭૩ ૬૧૫૬૬
ડો. કોમલ વ્યાસ ઉનડકટ (ડી.એન.બી. - ગાયનેક, ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ) મો. ૯૯૧૩૬ ૪૮૪૩૦

રાજકોટ સીટીમાં-૨ (બે) ફલેટ વેચવાના છે
2 BHK ફલેટ, B-1101, "સીટી કલાસીક"
વસંતવાટીકા નજીક, અંબીકા ટાઉનશીપ, મવડી-રાજકોટમાં
કારપેટ એરીયા : 600 Sqft Apx
કિંમત : ૩૧,૩૧,૦૦૦/- માં જ...
પ્લસ મેન્ટેન્સ & ટ્રાન્સફર ફી
સંપર્ક : 88667 10121 / 94277 44641
2 BHK ફલેટ, ફુલ્લી ફર્નીસ્ડ, ૧૦૨, એકલવ્ય એપાર્ટમેન્ટ, અમીનમાર્ગ રાજકોટમાં
કારપેટ એરીયા : 670 Sqft Apx
કિંમત : ૫૫,૫૫,૦૦૦/-
સંપર્ક : 96624 58777

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)